આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૫/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૨૫/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૪

સળંગ અંક : ૧૦૨૮

જુલાઈ-૨૦૨૬



# ગરીબીનું ગૌરવ

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે, એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તવંગરના મહેલના કરતાં પોતાની ઝૂંપડીને તે વધારે ચાહે છે — અરે, તે ઝૂંપડીને વિશે અભિમાન પણ રાખે છે. દુનિયાના ભૌતિક પદાર્થોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દિલનો અથવા આત્માનો દરિદ્રી નથી. સંતોષ તેની સંપત્તિ છે. હિંદુસ્તાનમાં માણસનો આવા પ્રકારનો ખાસ નમૂનો જોવા મળે છે, જે પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે. તે પોતાની પાસે માત્ર મૂઠી લોટ ને ચપટી મીઠું-મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે. કૂવામાંથી પાણી ખેંચીને પીવા માટે તે ખભે દોરી-લોટો ભેરવીને ચાલે છે. તેને આ સિવાય બીજી એકે વસ્તુનો ખપ નથી. રોજના દસથી બાર માઈલ તે પગે ચાલી નાખે છે. પોતાના કપડાના કટકામાં જ તે લોટ બાંધી લે છે, બળતણને માટે થોડું સૂકું ડાંખળું આમતેમથી વીણી લઈ તેની ધૂણીના અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આ રીતે શેકાયેલા લોટને બાટી કહે છે. મેં તે ચાખી છે. મને તે ઘણી સ્વાદિષ્ટ લાગી છે. સ્વાદ સાચું જોતાં ખાવાની વાનીમાં નથી; પ્રમાણિક મજૂરી અને મનનો સંતોષ જે ભૂખ લગાડે છે, તેમાં રહેલો છે. આવા માણસનો સાથી કે બેલી અને મિત્ર ઈશ્વર છે, અને તે પોતાને કોઈ રાજા કે બાદશાહથીયે વધારે શ્રીમંત માને છે.

એથી ઊલટું, જે કોઈ પૈસાની તૃષ્ણામાં ને તૃષ્ણામાં તેની પાછળ પડે છે તેને, ગમે તે ઉપાધિ નામે પણ, બીજાને લૂંટ્યા કે ચૂસ્યા વિના છૂટકો નથી. અને એ બધું કરતાં છતાં દુનિયાના કરોડો તો કદી લક્ષાધિપતિ થવાના નથી.

**— મો. ક. ગાંધી**

❀ ❀ ❀

# ઘરશાળા

વર્ષ : ૮૬ જુલાઈ ૨૦૨૬ અંક : ૪ સળંગ અંક : ૧૦૨૮

## અનુક્રમણિકા

૧. **સંપાદકીય**
જ્યોતીન્દ્રભાઈ દવે ૫

૨. **પંથી : પડકારતા પંથના**
ઈશ્વર પરમાર ૭

૩. **છપ્પન વર્ષની ભૂખ ભાંગી**
કાકાસાહેબ કાલેલકર ૧૪

૪. **વિકાસની વાટે વિશ્વકોશ ટ્રસ્ટ**
અશોક સોમપુરા ૨૧

૫. **સતનું સરનામું**
પાલખીવાલા અમિતા મનુભાઈ ૨૩

૬. **॥ સત્વશીલ પુરુષાર્થની પ્રયોગશાળા ગુજરાત શૈ. સાંસ્કૃતિક મંચ ॥**
શ્યામજીભાઈ દેસાઈ ૨૬

૭. **માતૃભાષા અંગે સ્પષ્ટ અને દઢ થઈએ**
મનસુખ સલ્લા ૩૦

૮. **ધોળિયો ઢાંઢો**
પ્રવીણ મકવાણા 'ગાફેલ' ૩૧

૯. **શિક્ષિત થયા પણ 'સંસ્કારી' નહીં, જાણો ભારતીયોમાં**
**સિવિક સેન્સના અભાવના કારણો શું હોઈ શકે?** ૩૮

૧૦. **શિક્ષણ સમાચાર**
અશોક સોમપુરા ૪૧

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી
રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે
સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ
ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા



**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**
**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**
**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


email : gharshala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication



**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૨૫ | ₹ | ૨૨૫૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૬૦૦ | ₹ | ૬૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૧૦૦૦ | ₹ | ૧૦૦૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઈન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર- ૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

**ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :**
બેંકનું નામ : બેંક ઑફ બરોડા
ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭
ખાતાનું નામ : ઘરશાળા માસિક
આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

## સંપાદકીય



- જ્યોતીન્દ્રભાઈ દવે

### શિક્ષણમાં ગોળ નાખે ગળ્યું થતું નથી
### (Spending Without Learning) - એક અભ્યાસ

તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડની નાણાકીય પરિસ્થિતિ અને શિક્ષણની ગુણવત્તા પરનો એક અભ્યાસ લેખ પ્રકાશિત થયો છે. આ રિપોર્ટ અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના પદાધિકારીઓ માટે તેમજ અમદાવાદના જાગૃત અને શિક્ષણ સાથે નિસ્બત ધરાવનાર નાગરિકો માટે વિચાર પ્રેરક છે.

ફેબ્રુઆરી-૨૦૨૬ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું રૂ. ૧૮૫૧૮ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું. જે પૈકી અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડને રૂ.૧૨૦૫ કરોડ ફાળવવામાં આવ્યા. પ્રથમ નજરે બજેટનો અભ્યાસ કરતા લાગે કે મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરના નાગરિકોના બાળકોના શિક્ષણ માટે ગંભીર છે, જેમાં રૂ. ૯૦ કરોડની જોગવાઈ ૩૫ નવા મકાનો માટે છે. ઉપરાંત ફ્રી પુસ્તકો, ફ્રી ગણવેશ, દફતર, મધ્યાહ્ન ભોજન વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. અહેવાલમાં રજૂ કરવામાં આવેલ અગત્યના આંકડા નીચે મુજબ છે.

**બજેટ પ્રથમ નજરે**

| | |
|---|---|
| સ્કૂલબોર્ડનું વર્ષ ૨૦૨૬-૨૭ નું વાર્ષિક બજેટ | રૂ. ૧૨૦૫ કરોડ |
| સ્કૂલબોર્ડની ૪૫૩ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા | ૧,૭૨,૫૭૬ |
| વિદ્યાર્થીદીઠ અંદાજિત વાર્ષિક ખર્ચ | રૂ.૭૦,૦૦૦ |
| બજેટના કુલ અંદાજિત ખર્ચમાં પગાર અને પેન્શનનો હિસ્સો ૮૭% | રૂ.૧૦૪૨ કરોડ |
| વાસ્તવિક શિક્ષક/વિદ્યાર્થી રેશિયો | ૩૭.૧ |
| વિદ્યાર્થી માટે કરવામાં આવતા અન્ય ખર્ચા (૧૦% થી ૧૧%) | રૂ.૧૨૮ થી ૧૩૧ કરોડ |
| માળખાકીય સુવિધા માટેના મૂડી ખર્ચા (૨% થી ૩%) | રૂ.૨૭ થી ૨૯ કરોડ |
| નવા મકાન બાંધકામ | રૂ. ૯૦ કરોડ |

ઉપરના આંકડા પરથી આપણે જાણી શકીએ છીએ કે કુલ ખર્ચના ૮૭% પગાર અને પેન્શન પાછળ ખર્ચાય છે. શિક્ષકોને સારા પગાર મળવા જ જોઈએ તે બાબત નિર્વિવાદ છે.કુલ રૂ.૧૦૪૨કરોડના પગાર ખર્ચને વિગતે તપાસવાની જરૂર છે. આ અભ્યાસ રિપોર્ટ જણાવે છે કે

શિક્ષકો તેમના કુલ સમયમાંથી માત્ર ૪૧% સમય શિક્ષણ માટે આપે છે બાકીનો ૫૯% સમય શિક્ષણ સિવાયના અન્ય સરકારી કામ માટે આપે છે. આ પરિસ્થિતિ જો નાણાકીય મૂલ્યના સંદર્ભે જોવામાં આવે તો વિદ્યાર્થી દીઠ જે રૂ.૭૦,૦૦૦ પગાર અને પેન્શનનો ખર્ચ છે, તેના ૫૯% એટલે કે આશરે રૂ.૪૦,૦૦૦ પગાર ખર્ચ શિક્ષણ સિવાયના કામમાં ખર્ચાય છે, બીજા અર્થમાં વાર્ષિક રૂ.૬૯૦ કરોડ બિન શૈક્ષણિક કામ માટે ખર્ચ કરવામાં આવે છે. આ પરિસ્થિતિ દેશની તમામ સરકારી શાળાઓની છે. શિક્ષકો શિક્ષણ સિવાયની કામગીરીમાં વ્યસ્ત રહે છે.

આ રિપોર્ટ તેના આ અભ્યાસ વધુમાં જણાવે છે કે મ્યુનિસિપાલિટીની એક શાળામાં માત્ર બે શિક્ષકો એક થી પાંચ ધોરણના બાળકોને ભણાવે છે. ઉપરોક્ત પરિસ્થિતિ દયાજનક અને ચિંતાજનક તો છે જ પણ (RTE) એકટની સેક્શન ૨૭નું ઉલ્લંઘન છે, અથવા બીજા શબ્દોમાં ભારત સરકારના કાયદાનો ભંગ છે.

ટૂંકમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ વિદ્યાર્થી દીઠ રૂ. ૭૦,૦૦૦ નો ખર્ચ કર્યા પછી પણ શહેરના માત્ર ૩૦% થી પણ ઓછા બાળકો આ શાળાઓમાં અભ્યાસ કરે છે. આ બાળકોના શિક્ષણની ગુણવત્તા ઉપર એક  જુદો લેખ લખવો પડે તેવી સ્થિતિ છે.

શહેરના ગરીબ બાળકો પાછળનો શિક્ષણ ખર્ચ ઊગી નીકળ્યો નથી એ વાસ્તવિક હકીકત છે અને માટે શહેરનો ગરીબ વર્ગ ખાનગી શાળાઓ તરફ વધુ આધાર રાખતો થયો છે.

આશા છે શહેરના ચૂંટાયેલા કોર્પોરેટર/મેયર/ ચેરમેન/ સ્કૂલ બોર્ડ અને અન્ય પદાધિકારીઓ આ અંગે ગંભીર આત્મ મંથન કરશે.

**વર્લ્ડ બેંકના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતની સરકારી શાળાઓના શિક્ષકોનો પગાર ચીનના શિક્ષકો કરતાં ત્રણ ગણો વધુ છે. શિક્ષકોનો પગાર ઓછો કે વધુ તે પ્રશ્ન નથી પણ શિક્ષકો વાસ્તવમાં શિક્ષણ કાર્ય માટે કેટલો સમય આપે તે અગત્યનું છે.**



# પંથી : પડકારતા પંથના

- ઈશ્વર પરમાર

"મારું ચાલે તો બંધ કરાવી દઉં સરકારી શાળાઓ!" – માંગરોળ (જિ. જૂનાગઢ)માં પ્રાથમિક શાળાના શિક્ષકો માટેની શિબિર યોજાઈ હતી (૧૯૬૬); તેમાં પ્રવચન આપવા પધારેલા રળિયામણી શિક્ષણ-સંસ્થા શારદાગ્રામના સર્જક શિક્ષણકાર મનસુખરામભાઈ જોબનપુત્રાએ રોષપૂર્વક કહ્યું, "આ તમારું સરકારી શિક્ષણ સાવ ખાડે ગયેલું છે!"

શિબિર-સભામાં ઉપસ્થિત એક યુવાન શિક્ષિકા આ સાંભળીને સટાક ઊભાં થઈ ગયાં : "આપ અમારું શિક્ષણ બંધ કરાવીને પછી ગુજરાતભરના લાખો બાળકોને કેવી રીતે શિક્ષણ આપશો? આપ આપની સંસ્થામાં બહુ તો હજાર બાળકો રાખો કે વધુ રાખો પણ બીજાનું શું? આપના જેવું શિક્ષણ સરકાર ક્યાંથી આપી શકે? કેમ પહોંચી વળે? ... હા, શિક્ષણ કેવી રીતે આપવું, બગડ્યું છે તો કેમ સુધારવું તેના ઉપાયો –"

"તમારી સરકારી શાળા માટે કોઈ ઉપાય નથી!"

"તો આપની સંસ્થા ગુજરાતભરની કેવળણીની જવાબદારી લઈ શકે તેમ છે?"

"તે તો કેમ બની શકે?"

"તો પછી આપ એમ કેમ કહો છો કે મારું ચાલે તો સરકારી શાળાઓ બંધ કરાવી દઉં? બંધ કરાવો તો કોઈ વિકલ્પ તો હોવો જોઈએ ને?"

મનસુખરામભાઈ વિચારોમાં ગરકાવ થયા. પેલા બહેને સ્વમાની સ્વરે – કહેવાનું ચાલુ રાખ્યું - "વડીલ, જુઓ, સરકારી શાળાઓમાં પણ અમારા જેવા શિક્ષકો કમર કસીને કામ કરી રહ્યા છે. અમારી શાળાઓમાં સાવ અભણ મા-બાપનાં છોકરાં આવે; પછાતમાંથી આવે. તેમને ભણાવવા અમે કમર કસી છે. તે માટે તાલીમ મેળવવા અમે શિબિરમાં આવ્યા છીએ. આપ માર્ગદર્શન આપો."

"બહેન, તમે તો સરસ વાત કરી. મારો તો ખ્યાલ જ નહીં કે મારી વાતથી તમને -"

"બાપુજી, અમે આપના જેવું તો ન જ આપી શકીએ પણ ભણાવીશું જરૂર. અમે ગુરુ વશિષ્ઠના વંશજ છીએ. આપની સંસ્થા જેવી સંસ્થાની જરૂર તો છે જ; આપ ઉચ્ચ કક્ષા પેદા કરો; અમે કાદવમાં કમળ ખીલે તેમ બાળકોને ખીલવીશું."

આ દરમિયાન મંચ પરના એક મહાનુભાવ પાસેથી મનસુખરામભાઈએ પેલાં બહેનનો ટૂંક-પરિચય મેળવી લીધો. તેથી વિશેષ પ્રસન્ન

થઈને શાબાશી આપી - "દીકરી, તને ધન્યવાદ, તું તો ક્ષત્રિયમાંથી ગુરુ બની. વિશ્વામિત્રની વારસ બની. તારા જેવા શિક્ષકો થકી સરકારી શાળાઓ ઉજળી બને એમાં કોઈ શંકા નથી!"

રિસોદિયા રાણા પ્રતાપના વંશજ ક્ષત્રિય પરિવારમાંથી શિક્ષણક્ષેત્રે સમર્પિત એ સરકારી શાળાના શિક્ષિકા આગળ જતાં અસરકારી સિદ્ધ થયાં. દાયકાઓ પછી પણ આજના શિક્ષણપ્રેમીઓની સલામને પાત્ર ગુણવંતબા રાણાનો જન્મ સને ૧૯૨૨ની ચોવીસમી ડિસેમ્બરે થયો હતો. માતા : હીરાબા. પિતા : હિંમતસિંહ. તેઓ પાલનપુરમાં મ્યુનિસિપલ-સેક્રેટરી હતા. પુત્રી ગુણવંતબા ગુલાબની ધરતી પાલનપુરની સરકારી કન્યાશાળામાં એકડિયામાં દાખલ થયા. તે પછીનું વર્ષ તે પહેલું ધોરણ ગણાતું.

વર્ગશિક્ષિકા હતાં : દિવાળીબા, ભારે પ્રેમાળ. વળી, ગુણવંતબા તો હોંશિયાર હતાં તેથી તેમના માટે વિશેષ પ્રેમ દાખવતાં. એમણે જોયું કે પહેલાં ધોરણની કન્યા ગુણવંતબા, શાળામાં વહેંચાયેલ ને પોતાને મળેલ બધા જ દાળિયા ખાઈ જવાને બદલે ભાઈ માટે ભાગ રૂમાલમાં બાંધીને દફતરમાં રાખતાં હતાં. એમની એ ભાવનાભરી ચેષ્ટાથી વર્ગશિક્ષિકા દિવાળીબાએ ખૂબ ખુશ થઈને કહ્યું : "શાબાશ દીકરી, તમારે ઘરે દાળિયાનો ક્યાં તૂટો છે, છતાંય ભાઈ માટે ભાગ લઈ જાય છે તે મને બહુ ગમ્યું !"

દિવાળીબાએ તો વિદ્યાર્થિનીના ઘરે જઈને હોંશભેર કહ્યું : "આ ગુણવંતબા જરૂર નામ કાઢશે."

ગુણવંતબાની નામના તો, પહેલા ધોરણની પરીક્ષા વખતે અટવાઈ ગઈ ! પરીક્ષા વખતે આચાર્યા ગુલાબબાએ તેને પાઠ્યપુસ્તકમાંથી એક ફકરો વાંચીને પછી તરત તે બોલી જવાની આજ્ઞા કડક સ્વરે કરી. ગભરાઈ ગયેલાં ગુણવંતબા કંઈ બોલી ન શક્યાં! આથી આચાર્યાએ ગુણવંતબાને ઘરે ભણાવવા જતા શિક્ષક ભાઈશંકરને ઠપકો આપ્યો – "આવું કેવું ભણાવ્યું તમે?" આથી એ શિક્ષકે ઘરે ભણાવવા જવાનું બંધ કર્યું. નાનકડાં ગુણવંતબાની બેચેનીનો તો પાર નહીં! છેવટે તેમના પ્રભાવી માતા હીરાબાએ ભાઈશંકરને મીઠાશથી સમજાવીને ભણાવવા ઘરે આવતાં કર્યા. એ શિક્ષકે સૌપ્રથમ તો ગુણવંતબાનો આચાર્યા માટેનો ભય દૂર કર્યો ને ઉત્સાહથી ભણાવવા માંડ્યું. આથી તે પહેલાં નંબરે પાસ થયાં એટલું જ નહીં, પડકાર પણ ઝીલવાને તૈયાર થવા માંડ્યાં.

ગણિતના રસિયા ને વાંચનના શોખીન ગુણવંતબાએ પાઠ્યપુસ્તકો ઉપરાંત ગિજુભાઈ અને નાનાભાઈ ભટ્ટનાં બાળકો માટેનાં પુસ્તકો વાંચવા માંડ્યાં. વાંચન ઉપરાંત રમત, વ્યાયામ અને સંગીત પણ એમનો પ્રિય શોખ.

પાંચમા ધોરણમાં, હવે પોરબંદર ભણતાં

ગુણવંતબા શાળામાં મોટી કન્યાઓને રિસેસમાં રમતી જુએ. એથી તેમને તેમની સાથે ખો-ખો રમવાનું મન થાય પણ નાનકડી છોકરીને કોણ રમાડે? એકવાર રમવામાં એમને એક છોકરી ખૂટી. ગુણવંતબાને બોલાવી લીધાં. રિસેસ પૂરી થઈ પણ કોઈ મોટી છોકરી ગુણવંતબાને આઉટ ન કરી શકી ! પછી તો એને પોતાની ટીમમાં લેવા માટે પડાપડી થાય કારણ કે એટલું તો સુનિશ્ચિત થઈ ગયું હતું કે ગુણવંતબા જે ટીમમાં હોય તે ટીમ જીતે !

પરંતુ જીતના હર્ષનાદો સાંભળતા રહેવાનું ગુણવંતબાના નસીબમાં ક્યાં હતું? એમના બાની તબિયત સતત લથડતી રહી. તેથી ઘરની વ્યવસ્થા સંભાળી લેવા ખાતર એમણે પાંચમા ધોરણથી અભ્યાસ છોડી દીધો. (૧૯૩૩)

આ પછી, છેક સોળ વર્ષ પછી, સને ૧૯૪૯માં રાજકોટની બાર્ટન ટ્રેનિંગ કોલેજમાં જોડાઈ શકવા માટે પ્રવેશ કસોટીની તૈયારી કરવા માંડી. તેમાં સફળ થતાં પ્રવેશ મળ્યો તે કોલેજમાં દાખલ કરવા સારુ બાપુ હિંમતસિંહ પુત્રી સાથે રાજકોટ ગયા ને તે જ ટાંકણે એમનું હૃદય બંધ પડતાં અવસાન થયું !

ગુણવંતબાના મનમાં મંથન ચાલ્યું ને સંભળાયો અંતર્નાદ : ‘‘બાપુનું દુઃખ ભૂલી જા, કુટુંબની જવાબદારી ઓઢી લે. તારે પરણવું નથી. શિક્ષિકા થવાનું છે તારે...’’

આથી અભ્યાસ ચાલુ રાખ્યો.(૧૯૪૯’-૫૧)

એકવાર એમની કોલેજ-અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓનો જૂનાગઢ મુકામે પ્રવાસ યોજાયો. જૂનાગઢનાં તાલીમાર્થીઓ સાથે તેમની સભા ગોઠવાઈ. જૂનાગઢનાં બહેને ગીત ગાયું. હવે રાજકોટનો વારો. રાજકોટનાં કાયમ ગાતા તાલીમાર્થી બહેને તે દિ’ તો ધરાર ગીત ન જ ગાયું! બીજા કોઈ પણ ગાય નહીં. જૂનાગઢનાં મેટ્રન નર્મદાબહેને કહ્યું : ‘‘તમને કોઈને ગાતાં આવડતું નથી?’’

રાજકોટ કોલેજની આબરૂ જવા માંડે તે પહેલાં આલાપ સાથે ગુણવંતબાએ કબીરનું ભજન શરૂ કર્યું :

‘‘સમજ દેખ મનમીત પ્યારે...શિશ દિયા તવ રોના ક્યા રે !’’

બધા ઝૂમી ઊઠ્યા. નર્મદાબહેને પૂછ્યું : ‘‘ક્યાંના બહેન છે?’’

‘‘પોરબંદરના છે. ગરાસિયા છે.’’

‘‘અરે, ત્યારે કહોને, ગરાસિયાનું ગાણું ને વાણિયાનું ખાણું વખણાય !’’

ગુણવંતબા આદરપૂર્વક વખણાતાં રહ્યાં છે કોલેજકાળથી પ્ર. ત્રિવેદીને. બાર્ટન કોલેજમાં પહેલીવાર એમને જોયાં. એમની પ્રભાવક વિનમ્રતા જોઈને સૌની સાથે એમને થઈ આવ્યું : અધિકારી તો આવા જ હોવા જોઈએ.

ટ્રેનિંગ પૂરી થયે તાલીમબદ્ધ શિક્ષિકા ગુણવંતબા પોરબંદરની નાનજી કાલિદાસ કન્યાશાળામાં જોડાયાં. (૧૯૫૧) તે જ વર્ષે તેઓ ‘હિન્દી સાહિત્ય રત્ન’ની પરીક્ષામાં પાસ

થયાં. આ પદવી મેળવનાર પોરબંદરમાંથી તેઓ પહેલાં હતાં. બે વર્ષ પછી ઈન્ટરવ્યૂ દ્વારા તેઓ પાસ થયાં. (૧૯૫૩)

કન્યાશાળામાં એમના પહેલા ધોરણમાં બાળકો ઠાંસોઠાંસ. ચાલુ વર્ષ સૌરાષ્ટ્ર રાજ્યના વિદ્યાધિકારી પ્ર. ત્રિવેદી આવ્યા. વર્ગની વિષમ સ્થિતિ છતાં અબાદ શિસ્ત અને શિક્ષણ જોઈને ખુશ થઈ ગયા. તેમણે શિક્ષિકા ગુણવંતબાને પૂછ્યું, "આટલાં બધાં બાળકો એક જ ઓરડામાં?"

"સાહેબ, શાળામાં ઓરડા ઓછા છે. શિફ્ટની જરૂર છે."

સાહેબે તત્કાળ તે માટે મંજૂરી આપી દીધી.

શાળામાં વાર્ષિક ઉત્સવ ઉજવવાની પ્રથા ગુણવંતબાએ પાડી – એકવાર તે ઉત્સવમાં પધારેલા શેઠ શ્રી નાનજીભાઈ ખૂબ પ્રસન્ન થયા હતા.

ગુણવંતબા પાસે એ કન્યાશાળામાં પહેલા ધોરણમાં ભણી ગયેલી વિદ્યાર્થિની ગુલાબ કેટલાંક વર્ષો પછી, સાસરે જતાં અગાઉ બહેનને મળવા આવી. પગે પડીને કહે : "તમે મારું જીવન સુધાર્યું. મને ભણતી કરી. તમારો મોટો ઉપકાર જિંદગીભર નહીં ભૂલું."

"વાહ રે, ગુલાબ! એમાં ઉપકાર શાનો?"

"તમને તો ક્યાંથી યાદ હોય, બહેન? મને મારની બીક એટલી હતી કે હું ભણવાની જ ન હતી. તમે બીક કાઢીને લાગણીથી મને ભણાવ્યું ને મારું જીવન સુધાર્યું." આમ કહેતી ને રડતી યુવતી ગુલાબે ગુણવંતબાની આંખોમાં પણ આંસુ આણી દીધાં!

ગુણવંતબાનાં જીવન અને જહેમત બાળકોના ચિત્તમાં અમીટ રહેતાં. તેઓ પહેલું ધોરણ શીખવવા માટે લેતાં અને તેમાંય નબળા વર્ગને પસંદ કરીને તેને તૈયાર કરતાં. પરિણામ પણ સારું લાવતા. સીવણ, ચિત્ર, ઉદ્યોગ અને પ્રાર્થના-પ્રવૃત્તિ તેમને મોટી કન્યાઓનાં મન જીતવામાં મદદ કરતી. નાનજી કાલિદાસ કન્યાશાળામાં એક દાયકો (૧૯૫૧-૬૧) રહ્યા પછી તેમની બદલી થઈ.

હવે તેઓ રૂપાળીબા કન્યાશાળામાં મદદનીશ શિક્ષિકા તરીકે ગોઠવાયા. અહીં તેઓ સોળ વર્ષ (૧૯૬૧-'૭૭) કાર્યરત રહ્યા, વધારે સાચું, શિક્ષકત્વથી ઝળહળતા રહ્યા.

આ શાળામાં તેઓ હાજર થયા તે જ દિવસે ઉત્સાહી કેળવણી-નિરીક્ષકે કહ્યું, "બહેન, જેમ આ પહેલાંની શાળા તમે સુધારી તેવું આ શાળા વિશે કરવાનું છે, હો!"

"સાહેબ, સમય લાગશે, જરૂર સુધારી દઈશ."

શાળાની ડામાડોળ સ્થિતિને સ્થિર કરવા તેમણે વાલી-સંપર્ક કર્યો અને સાઠેક વાલીઓ સાથે તો સંપર્ક જાળવી રાખ્યો. બાળાઓની વિશિષ્ટ શક્તિઓ પારખવા અને પોષવા માંડી.

કેટલીક શિક્ષિકાઓએ ઈર્ષ્યાવશ સાતમા ધોરણની બાળાઓને ભંભેરી : "આ નવા બહેન કંઈ ભણાવવાના નથી. ખાલી રાસ

રમાડી જાણે છે. એમાં શું વળે? હવે આ શાળામાં કંઈ કસ ન રહ્યો!''

કેટલીક ભોળી બાળાઓએ તો શાળામાંથી છૂટા થવા લિવિંગ સર્ટિફિકેટ મેળવવા માટે વાલીઓ પાસે અરજી લખાવીને આચાર્યાને આપી. આચાર્યાએ તે અરજીઓ સ્વીકારીને કહ્યું, ''બે'ક દિ'માં દાખલો કાઢી આપશું હોં ને?''

એમણે ગુણવંતબાને સાતમા ધોરણમાં મોકલ્યાં. બહેને શીખવ્યું, પ્રેમથી શીખવ્યું. પેલી બાળાઓ પોતાની અરજી પાછી લેવા આચાર્યા પાસે ગઈ. બહેને પૂછ્યું, ''કેમ, દાખલો નથી કઢાવવો?''

''બહેન, અમને ઘણાએ કહ્યું કે નવા બહેન ભણાવી જાણતાં નથી, રાસ જ કરાવી જાણે છે; પણ એ બહેન તો બહુ સારું ભણાવે છે. અમારે અહીં જ ભણવું છે, એમની પાસે.''

ગુણવંતબાએ કક્કોય ન જાણતી સાતમા ધોરણની એક બાળાને રિસેસ-ટાઈમમાં શીખવી શીખવીને પરીક્ષામાં પાસ કરાવી. એમણે વિજ્ઞાનના પ્રયોગો માટે માધ્યમિક શાળાઓનો સાથ-સહકાર મેળવ્યો, બાળાઓ માટે પ્રવાસો અને જ્ઞાનવર્ધક શિબિરો યોજી. લાંબી રજાઓમાં પછાત વર્ગની પ્રૌઢાઓને અક્ષરજ્ઞાન આપવાનું સ્વીકાર્યું.

ગુણવંતબાએ શાળાની જ શિક્ષિકાઓનો સહયોગ મેળવીને રૂપાળીબા શાળાની સુવર્ણજયંતી ઉજવી. રવીન્દ્ર રંગમંચ પર થયેલ પ્રાથમિક શાળાનો એ પ્રકારનો કાર્યક્રમ પોરબંદરમાં પહેલો ગણાય.

રાજ્યના પાઠ્યપુસ્તક મંડળે પણ અભ્યાસક્રમ સુધારણા અંગેની સમિતિમાં ગુણવંતબાને સ્થાન આપ્યું. (ધો.૫ : ૧૯૭૪; ધો.૬ : ૧૯૭૫) પાંચમા ધોરણના અભ્યાસ-ક્રમમાં એક સુધારો કરાવવા માટે તે ખૂબ મથ્યાં. સમિતિના વિદ્વાન તજજ્ઞો તે માટે સંમત જ ન થાય. છેવટે એક વખત તો ગુણવંતબા પાંચમાં ધોરણમાં ભણતી પોતાની ભત્રીજીને અમદાવાદ તે સમિતિની બેઠકમાં લઈ ગયાં. સમિતિના વિદ્વાનોને કહ્યું : ''પાંચમા ધોરણની આ બાળાને તમે વિજ્ઞાનનો પેલો મુદ્દો શીખવી આપો.'' તેમ શક્ય ન હતું. છેવટે, સમિતિએ એમનો સુધારો સ્વીકાર્યો !

મદદનીશ શિક્ષિકા ગુણવંતબાને રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવૉર્ડ એનાયત થયો. (૧૯૭૪) એ સમયમાં પોરબંદર તેમજ રાજકોટમાં તેમનું સન્માન થયું. જૂનાગઢ પ્રાથમિક શિક્ષક સંઘ તરફથી કેશોદ મુકામે તેમને માનપત્ર એનાયત થયું.

પોરબંદરની રામા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજમાં એક વખત પશ્ચિમ ભારતના ઉચ્ચ શિક્ષણકારો એકત્ર થયા હતા. તેમની સમક્ષ પ્રાથમિક શાળાની કન્યાઓનો રાસ રજૂ કરવાનું ગોઠવાયું. તે કન્યાઓમાં ખારવા કોમની બાળાઓ મુખ્ય હતી. તે બધા કૉલેજમાં આવ્યા.

શિક્ષિકા ગુણવંતબાએ કૉલેજના સંગીતનાં સાધનોને દૂર કર્યાં ને ત્યાં શાળાનો ઢોલ મૂક્યો. એ ઢોલના તાલે બાળાઓએ ટીપણીનૃત્યનો અદ્‌ભુત રાસ કર્યો. કાર્યક્રમને અંતે પ્ર. ત્રિવેદી કહે : ''પ્રાથમિક શિક્ષક બહાદુર હોવા જોઈએ. આ બહેને, કાર્યક્રમ શરૂ થતાં પહેલાં, અમારા પ્રાધ્યાપકનાં તબલાં ઉઠાવી લીધાં સાવ સાહજિકતાથી. આવી નીડરતા દરેક શિક્ષકે કેળવવી જોઈએ. ધન્ય છે પ્રાથમિક કક્ષાની બાળાઓને અને ધન્ય છે તેમને શિક્ષણ આપનાર શિક્ષિકા બહેનને, ગુણવંતબા રાણાને.''

નિવૃત્તિ નજીકના ગાળે ગુણવંતબાની બદલી રામબા પ્રાથમિક શાળામાં થઈ હતી. (૧૯૭૭-'૮૦) સતત પડકારતા રહેતા શિક્ષણના ને જીવનના પંથના પથિક ગુણવંતબાની પ્રાથમિક શાળામાં કુલ નોકરી : ૨૯ વર્ષ, ૩ માસ ને ૨૩ દિવસ !

શ્રદ્ધેય શિક્ષણકાર પ્ર. ત્રિવેદી દ્વારા સદા પ્રોત્સાહિત ને પ્રશંસિત ગુણવંતબા રાણા સામયિક 'ઉદાત્ત શિક્ષણ'માં શૈક્ષણિક લેખો લખતાં થયાં ને હજુ પણ 'ગતિશીલ શિક્ષણ'માં લખતાં રહે છે. એમના લેખોમાં શિક્ષણ અંગેની કોઈ શાસ્ત્રીય છણાવટ નહીં પરંતુ અધ્યાપનનો અનુભવ અને ભાવના રચાયેલી હોય છે. વાર્તા, ગરબા ને ભજનો લખવા ઉપરાંત 'ધર્મસંદેશ'માં પણ તેમણે ધાર્મિક લેખો પ્રકાશિત કર્યા છે. ઉત્તર ભારતની બે વાર યાત્રા કરી આવેલ ગુણવંતબાએ મોરારિબાપુની બેતાળીસ કથાઓનો લાભ લીધો છે. ચા, પાન, સોપારી, અત્તર ને વેણી : આ પાંચ ચીજોથી બચપણથી જ દૂર રહ્યાં છે. હજુય ભજન ગાવાનાં શોખીન ગુણવંતબાના પ્રિય ગાયકો છે : હેમુ ગઢવી, માસ્ટર વસંત, અટારફખાં, સુંદરાબાઈ, ઓમકારનાથ, આશા ને લતા.

એમના નિવાસે સજાવાયેલ મંદિરિયાનાં જ જાણે પોતે એક ભાગ હોય તે રીતે અનાયાસ ગોઠવાઈને બેઠેલાં વૃદ્ધ શિક્ષિકા ગુણવંતબાએ પોતાનાં પ્રિય લેખકોનાં નામ જણાવીને તે ટપકાવનાર અધ્યાપકને તો શરમમાં મૂકી દીધો. એમણે કહ્યાં તે નામો : ગોવર્ધનરામ, કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઈ, ધૂમકેતુ, મેઘાણી, મેરુભા, પીંગળશી, શયદા, રાયચુરા, મસ્તફકીર, પન્નાલાલ, કલાપી, ટાગોર, શરદચંદ્ર, પ્રેમચંદ, રાધાકૃષ્ણ, વિવેકાનંદ ને દ્વૈપાયન વ્યાસ !

''ફોઈબા, ખૂબ વાંચ્યું છે તમે !''

''જીવનમાં વાચન તો અનિવાર્ય બનાવવાનું જોઈએ. ઈશ્વરભાઈ, જીવનના છેલ્લા શ્વાસ લગી વાચન ચાલુ રહે તેવી માતાજી પાસે પ્રાર્થના છે.''

''કઈ ભાષામાં વાંચવું વધુ ફાવે ?''

''આમ તો ગુજરાતીમાં જ; પણ હિંદી ફાવે. એ તો રાષ્ટ્રની ભાષા છે પણ અંગ્રેજીનો મોહ પ્રજામાં વધ્યો છે. આપણે સંસ્કૃત અને હિન્દીને પૂરતું મહત્ત્વ આપતા નથી ને અંગ્રેજી પાછળ દોડીએ છીએ. આથી ઊગતી પેઢીને

કોઈ ભાષાનું નક્કર જ્ઞાન છે નહીં; માતૃભાષા પૂરેપૂરી જાણતા-સમજતા નથી; ચાલ્યા કરે છે, સમયની બલિહારી છે !''

''તમે પહેલા ધોરણમાં ભણાવતી વખતે એવી કઈ રીત અજમાવતા કે જેથી બાળકોને બોજ ન લાગતો ?''

''બાળક પાસે ચિત્રકામ કરાવ્યા વિના એકડો મંડાવાય જ નહીં. એકડો-બગડો ક-ખ-ગ : આ બધા ચિત્રો છે એવો અભિગમ રાખવો જોઈએ. હવે તો વિષય તરીકે ચિત્રકળાની પ્રતિષ્ઠા રહી નથી અને શ્રુતલેખનની પ્રવૃત્તિ પણ ભાગ્યે જ થાય છે. આ ખોટું થાય છે. દરેક પ્રાથમિક શાળામાં ચિત્ર, સંગીત ને વ્યાયામના ખાસ શિક્ષકો હોવા જોઈએ.''

''આમ થાય તો બાળકો શાળામાં ટકી રહે, ખરું ને ફઈબા ?''

''ઠીક છે; બાકી, બાળક વર્ગ કે શાળા છોડી જાય તે તો શિક્ષક માટે શરમજનક ગણાય. નાનાં બાળક પાસે શિસ્તની અપેક્ષા રાખીને તેમને છેક રમકડાં બનાવવાં તે વ્યાજબી નથી.''

''પ્રાથમિક શાળા વિશે બીજું કંઈ...?''

''બીજું શું...કેટલીક શાળાઓમાં તો પ્રતિજ્ઞાનો પોપટ-પાઠ થતો હોય છે તે નકામું છે. ખરેખર તો, ઈશ્વરભાઈ, રાષ્ટ્રપ્રેમ જાગે તેવું શીખવવું જોઈએ. તેવું જ શાળામાં પ્રાર્થના વિશે. પ્રાર્થના, બાળક સમજે તેવી ને ટૂંકી હોવી જોઈએ.''

''આપને શિક્ષકોને શું કહેવાનું મન થાય ?''

''મેં શિક્ષણના પડકારો ઝીલ્યા છે. પંથ જ મારો પડકારનો. આમ છતાં પ્રાથમિક કક્ષાએ જે કાર્ય કર્યું છે, જે મહેનત કરી છે, તેવી મહેનત શિક્ષકો કરે ને પડકાર ઝીલતા રહે તેવી મારી હંમેશની મનોકામના છે.''

''-પણ શિક્ષકોને થતા અન્યાયનું શું ? આપને પણ ક્યારેક અન્યાય તો-''

''ઈશ્વરભાઈ, શ્રેષ્ઠ ઍવૉર્ડ માટે મારે જાતે રજૂઆત કરવી પડેલી ! ન્યાય માંગવો પડે તો હક્કથી માંગીએ. બાકી, અન્યાયથી હું હતાશ થઈ નથી. ઝઝૂમીને ન્યાય મેળવ્યો છે. હવે નિવૃત્ત છું. શિક્ષણમાં શું થઈ રહ્યું છે તે છાપામાં વાંચું. હતાશ થવા જેવું છે પણ હું હતાશ થતી નથી. આપણે આપણું કાર્ય કરી છૂટવું. બસ, તે આપણો ધર્મ.''

''જીવન અંગે આપને સંતોષ કેવો ?''

''પૂરો. મહારાણા પ્રતાપ મારા પૂર્વજ અને ગાંધીજીની જન્મભૂમિમાં રહેવાનું મળ્યું. આનાથી વધુ બીજું કયું અહોભાગ્ય ! દ્વારકાય ગમે છે, મને. તમેય ભાગ્યશાળી છો !''

ભાગ્યશાળી ફોઈબા - ગુણવંતબા - આજે તેમના વિશાળ પરિવારમાં વડલા જેવું સ્થાન ધરાવે છે; એમની સાથે શિક્ષણની વાત માંડો કે તરત એમના ચહેરેથી ચાલીસ વરસો સરી પડે! સરકારી શાળાઓને ગૌરવ આપતી તેમની શિક્ષણ-સાધનાને ભાવભરી સલામ !

# છપ્પન વર્ષની ભૂખ ભાંગી

- કાકાસાહેબ કાલેલકર

સૌથી પહેલો હું કારવાર ગયો, ત્યારે ૧૮૯૩-૯૪ની સાલ હશે. માર્મગોવા બંદર ઉપર ખરે બપોરે સૌથી પહેલવહેલો ચળકતો સમુદ્ર જોઈ હું અવાક થઈ ગયો હતો. રાત્રે નવ વાગ્યે અમે સ્ટીમરમાં બેઠા. સ્ટીમરે કાંઠાને છોડી સમુદ્રમાં ચાલવા માંડ્યું ત્યારે મારું બાળક-ભેજું પણ પોતાના હંમેશના કાંઠા છોડી, કલ્પના પર તરવા લાગ્યું. સવાર થઈ અને અમે કારવાર પહોંચ્યા. સ્ટીમરમાંથી હોડીમાં ઊતરવું સહેલું ન હતું. દરેક હોડી સાથે ઉલાંડીઓ (outriggers) બાંધેલી હતી. આવી અગવડ હાથે કરીને શા માટે ઊભી કરી હશે? એમ મને લાગ્યા વગર રહ્યું નહીં. પાછળથી એ ઉલાંડીઓની ઉપયોગિતા સમજાઈ.

મુસાફરીનો થાક ઊતરતાંવેંત અમે સમુદ્રકિનારે ફરવા જવા લાગ્યા. કિનારા પરથી સમુદ્રમાં ત્રણ ડુંગર દેખાતા હતા. એક દેવગઢનો, બીજો મધલિંગ-ગઢનો અને ત્રીજો કૂર્મગઢનો. દેવગઢ ઉપર દીપસ્તંભ હતો એ એની વિશેષતા. એ દીવાદાંડીની પડખે એક પાતળી ધજાદાંડી માંડ દેખાતી હતી. સમુદ્રકિનારે રમીને થાક્યા હોઈએ, એટલે દીવાદાંડીનો દીવો સળગેલો સૌથી પહેલો કોણ જુએ છે એની અમારી વચ્ચે હરીફાઈ ચાલતી. આ જ વિશાળ પાણીના પટ પર થઈને જ્યારે અમે કારવાર આવ્યા હતા ત્યારે રાત્રે સ્ટીમરમાંથી દેવગઢ કેમ ન જોયો એવું પણ મનમાં થઈ આવતું.

કોઈ સ્ટીમર દૂરથી આવતી દેખાય એટલે દેવગઢની ધજાદાંડી પર લાલ વાવટો ચડાવાતો. એ જોઈને કારવાર બંદર પાસેના વાવટાના-કટ્ટા પર પણ ધજા ચડાવાતી.

અહીંનો માણસ દૂરબીન લઈને દેવગઢ તરફ તાકતો રહે. ત્યાં વાવટો દેખાયો એટલે અહીં પણ ચડાવે. કોક કોક વાર હું નરી આંખે દૂર દેવગઢ પર ચડેલો વાવટો જોઈ શકતો અને ભાઉ ગોંદુને આશ્ચર્યચકિત કરી મૂકતો.

મેં પિતાશ્રીને એક વાર પૂછ્યું, “દેવગઢ ઉપર દીવો કોણ સળગાવે છે? વાવટો કોણ ચડાવે છે?” એમણે કહ્યું કે, “ત્યાં એક ખાસ માણસ રાખેલો હોય છે. સાંજ પડ્યે એ દીવો સળગાવે છે. દૂરથી આગબોટ આવતી જુએ એટલે એ વાવટો ચડાવે છે. વહાણો રાત્રે દેવગઢનો દીવો જુએ એટલે જાણે કે કારવારનું બંદર આવ્યું. દીવાતળે ખડક છે એ જાણતા હોવાથી વહાણો દીવાની આસપાસ જતાં નથી.”

“દીવાદાંડી સાચવનાર માણસ ત્યાં ખાવાનું

શું કરતો હશે? એને મીઠું પાણી ક્યાંથી મળતું હશે?" મેં પ્રશ્ન પૂછ્યો.

"હોડીમાં બેસી ખાવાપીવાનું બધું કારવારથી લઈ જાય છે. દેવગઢ ઉપર એકાદ ટાંકી કે કૂવો પણ વખતે હશે જેમાં વરસાદનું પાણી સંઘરી રાખતા હશે."

"આપણાથી ત્યાં ન જવાય? ચાલો ને આપણે એક વાર ત્યાં જઈ આવીએ. મને ત્યાં હંમેશનું રહેવાનું મળે તો કેવું મજાનું! સાંજ પડ્યે દીવો સળગાવવાનો, અને આગબોટનું ભૂંગળું વાગે ત્યારે વાવટો ચડાવવાનો એટલું જ કામ ને? બાકીનો બધો વખત આપણો પોતાનો! ગમે તેમ વપરાય. કોઈ મળવા આવે નહીં, જાય નહીં! ચાલોને, ત્યાં એક વાર આપણે જઈ આવીએ."

પિતાશ્રીએ અમારા ઘરના માલિક રામજી શેઠ તેલીને પૂછ્યું, તેમણે પોતાની ફતેમારી ના તાન્ડેલ સાથે મસલત કરી અને બીજે જ દિવસે દેવગઢ જવાનું નક્કી થયું. અમે બધા ગાડીમાં બેસી બંદરના ધક્કા ઉપર ગયા. મોટી ફતેમારીમાં બેસવાની ખૂબ મજા પડી. સઢ ફેલાયા અને અમે ડોલતા ડોલતા આગળ ચાલ્યા. ફતેમારી ડોલે મજાની, પણ ઝડપભેર આગળ વધવાનું નામ લે નહીં. ઘણો વખત ગયો. પિતાજીએ રામજી શેઠને કારણ પૂછ્યું, રામજી શેઠે તાન્ડેલને પૂછ્યું. એણે કહ્યું, "પવન અનુકૂળ નથી ત્રાંસો છે. ખૂબીથી સઢ ગોઠવ્યા છે એટલે મછવો આગળ જાય છે ખરો, પણ એટલો મંદ કે દેવગઢ પહોંચતાં સાંજ થશે." મને પોતાને એમાં વાંધો ન હતો. ડોલવાનો આનંદ આખો દિવસ મળશે અને સાંજ પડ્યે દીવાદાંડીનો દીવો નજીકથી જોવાને મળશે. પણ આટલી મજાની વાત પિતાશ્રીના ધ્યાનમાં આવી નહીં! એમણે કહ્યુંઃ "એ તો નહીં ચાલે." તાન્ડેલ કહે, "પવન પ્રતિકૂળ છે એમાં અમારું શું ચાલે? આગળ જતાં આ જ પવન જો જોર પકડે તો આટલું પણ અંતર કપાય નહીં." રામજી શેઠે પિતાશ્રીને પૂછ્યું, "ત્યારે શું કરશું?"

પિતાશ્રીએ કહ્યું, "બીજો આરો જ ક્યાં છે? પાછા જઈશું."

હુકમ છૂટ્યો, "ચાલો પાછા." સઢની ગોઠવણ બદલાઈ. એ બધું કેમ ગોઠવાય છે એ જોવામાં હું મશગૂલ હતો એવામાં અમારી ફતેમારી પાછી ધક્કા સુધી આવી પણ પહોંચી! જતાં કલાકેક લાગ્યો હશે. પાછા વળતાં પાંચ મિનિટ પણ નહીં લાગી! એકલા ગાડીના ઘોડા જ કાંઈ ઘેર પાછા વળતાં ઉતાવળ કરતા નથી.

અમે જેવા ગયા તેવા ખાલી હાથે (કે નયને) પાછા આવ્યા. ફજેત થયા હોઈએ એવું વીલું મોઢું લઈને હું ઘેર આવ્યો. અમે દેવગઢ જવા ઊપડ્યા હતા એટલું પણ નિશાળના ગોઠિયાઓને મેં કહ્યું નહીં.

ત્યારપછી પાંચેક વરસ કારવાર ઓછોવત્તો રહ્યો હોઈશ, પણ અમે ફરી કોઈ વાર દેવગઢ જવાનો પ્રયત્ન જ કર્યો નહીં. સૂર્યાસ્ત થાય,

દેવગઢનો દીવો દેખાય અને એ પરીના મુલકમાં શું હશે? એવો પ્રશ્ન મનમાં આણી એ હું તરત કાઢી નાખતો. ચાળીસ વર્ષ પછી, એટલે કે, આજથી દસ વરસ પહેલાં ફરી વાર કારવાર ગયો હતો. ત્યારે પણ દેવગઢ જવાયું નહીં.

હમણાં ફરી વાર કારવાર ગયો ત્યારે નિશ્ચય કરીને જ ગયો હતો કે બની શકે તો દેવગઢ જોયા વગર રહું નહીં. ત્યાંના મિત્રોને મેં કહી જ રાખ્યું હતું કે એક દિવસ દેવગઢ માટે જરૂર રાખો.

દેવગઢમાં ખાસ જોવાલાયક કાંઈ છે એમ તો નથી જ. પણ પચાસ વરસનો મારો બાળપણનો સંકલ્પ દેવગઢ સાથે સંકળાયો છે. એને છૂટો કરવાની જરૂર હતી. દેવગઢ એ કારવારના કિનારેથી લગભગ ત્રણ માઈલ સમુદ્રની અંદર આવેલો એક બેટ છે. કારવાર બંદરની એ ભારેમાં ભારે શોભા ગણાય. સમુદ્ર-સપાટીથી ડુંગરની ઊંચાઈ ૨૧૦ ફૂટ છે અને એના પરની દીવાદાંડી ૭૨ ફૂટ ઊંચી છે.

મદ્યપાનનિષેધને અંગે કસ્ટમ્સવાળાઓને સમુદ્રની ચોકી કરવી પડે છે. તે માટે એમની પાસે એક વાફર હોય છે! એ ‘વરાળ-હોડી’માં અમને લઈ જવાની ગોઠવણ કરવામાં આવી હતી. અમારો આ લહેરનો કાર્યક્રમ કર્તવ્યરૂપ બીજા કાર્યક્રમ આડે ન આવે એટલા માટે અમે વહેલાં ઊઠી, બંદર ઉપર ગયાં. સવારની પ્રાર્થના અથવા નાસ્તો ઘેર કરવા જેટલાં અરસિક અમે હતાં જ નહીં. ખલાસીઓ સહેજ મોડા આવ્યા એટલે ઘોડાની પેઠે દોડતા અમારા વાફરના તાલ સાથે ચાલતી અમારી પ્રાર્થના સાંભળવા માટે કારવારના ડુંગર પાછળથી સવિતાનારાયણ પણ આવી પહોંચી શક્યા. નારાયણને જન્મ આપી કૃતાર્થ થયેલી પ્રાચી એટલી તો ખીલી હતી! સમુદ્રનાં પાણી પણ એ પ્રસન્નતાને કારણે ચળકતી લહેરમાં આવ્યા હતાં. મેં જમીન ભણી જોયું. જમણી બાજુ કારવારનું બંદર નાનામોટા મછવાઓને જગાડતું હતું ને રમાડતું હતું.

ત્યાર પછીની ખીણમાં નાળિયેરીનાં ઝાડ પવનની રાહ જોતાં ઊભાં હતાં. આજકાલ જે ફૂટતી જ નથી એવી શનિવારની તોપ વાવટાનાકટ્ટા પરથી મોં વકાસીને નાહકની બીક બતાવતી હતી. ત્યાર પછીનાં સરુનાં ઝાડ જાણે કારવારની પહોળાઈ માપતાં કાળી નદી સુધી ફેલાયાં હતાં. ભારતીય યુદ્ધના રાજાઓ વિશ્વરૂપના મોઢામાં દોડે તેવી રીતે ત્રણ-ચાર વહાણો કાળી નદીના મુખમાં ઘૂસતાં હતાં અને સદાશિવગઢનો પહાડ સહેજ ભ્રૂસંકોચ કરી એ આખા પ્રદેશની ઉપર ચોકી કરતો હતો.

અમારી પ્રાર્થના પૂરી થઈ એટલે વાફરે સમુદ્રની પીઠ ઉપર દોરેલો અમારો રસ્તો અને એના પરની ઝપાટાભેર અદૃશ્ય થતી ભાત તરફ મારું ધ્યાન ગયું. એ ભાતમાં મુક્તવેણીની દરેક ખૂબી પ્રગટ થતી હતી.

આ લોકોને, દેવગઢ બતાવ્યા વગર રહું જ

નહીં, એવો નિશ્ચય કરી, વ્યવસ્થાની બધી વિગતો તરફ ચીવટથી ધ્યાન આપનાર ભાઈ પદ્મનાભ કામતે મને દક્ષિણ તરફના ડુંગરને તળિયે ફેલાયેલો ચંદ્રભાગી કિનારો બતાવ્યો. એક કાળે યુરોપિયન સ્ત્રીઓ ત્યાં નિરાંતે નહાતી હશે. એટલે એનું નામ Ladies Beach (યુવતી-તટ) પડ્યું છે.

ગોવાની સંસ્કૃતિમાં તરબોળ થયેલા કવિ બોરકર અમારી સાથે હતા અને ભાઈ કામતે પોતાના તરફથી ઉમેરો કરવા માટે યુવાન ચિત્રકાર રમાનંદને સાથે લીધો હતો. રમાનંદે પિતાની તેમ જ મોટા મહેમાનોની સન્નિધિમાં છાજે એવી નમ્રતા ધારણ કરી ઠીક ઠીક આત્મવિલોપન કર્યું હતું. પણ મધદરિયે આવતાંવેંત પહાડ, વાદળાં, સૂરજ, પક્ષીઓ, વહાણના સઢો અને સમુદ્રની ઊર્મિઓ એ બધાની અસર તળે આવતાંવેંત એનો કલાધર આત્મા અમારી હસ્તીનું ભાન ભૂલી ગયો અને એ અનેક દિવસના ભૂખ્યા કોઈ ખાઉધરાની પેઠે આસપાસનું કાવ્ય મીટ માંડીને આરોગવા લાગ્યો. અમે આંગળી ચીંધીને એના તરફ એકબીજાનું ધ્યાન ખેંચ્યું પણ તેથી કાંઈ એનું ધ્યાન તૂટ્યું નહીં. ફક્ત નાની કુંદાની આંખો ચંચળપણે બધે ફરતી હતી.

અમારા કવિ તો અમારી પ્રાર્થના પૂરી થવાની શાસ્ત્રોક્ત ભક્તિથી રાહ જોતા હતા. તેમણે તરત જ સાગરની લહરીનું એક ખલાસીગીત છેડ્યું. ગીતનો ઢાળ ભલે ખલાસી ઢંગનો હોય, પણ અંદરના ભાવ કાંઈ ખલાસીહૃદયના ન હતા. એ ગીત દ્વારા ભોળા ખલાસી નહીં પણ મસ્તીમાં આવેલા કવિ પોતાની અભિજાત ભાવનાની સેરો એક પછી એક છોડતા હતા. એટલું ખરું કે તે દિવસ અમારી ટોળીમાં સ્વસ્થ (sober) એવું કોઈ ન હતું. હિંદુ સ્કૂલના આચાર્ય શ્રી કુલકર્ણી પણ લહેરમાં આવ્યા હતા. ચિ. સરોજે તો પોતાનું સ્થાન છોડી બૉઈલરની આગળની બાજુએ ઊભા રહેવાનું પસંદ કર્યું હતું. પોતાનો સ્વભાવ વટાવી એણે સ્વીકારેલું એ અગ્રગામિત્વ જોઈને મને મજા પડી. મેં એને મંછર સરોવરમાં કાવ્ય પીધેલા નારાયણ મલકાનીનું સ્મરણ કરાવ્યું. એટલા ઈશારાથી જ અમે બંને આખી વસ્તુસ્થિતિ મૂલવી શક્યાં.

સમુદ્રનાં પાણી વટાવવાના જુદા જુદા પ્રકારમાં જુદો જુદો રસ હોય છે. મોજાંઓની થપ્પડો ખાતા ખાતા બાહુબળથી તરતા અંદર દૂર દૂર જવામાં એક જાતનો આનંદ છે. છાતી તળે મોજું ઊભરાતું હોય, અને આપણે એના ઉપર સવાર થતા હોઈએ એનો રસ જેણે ચાખ્યો છે તે એને કોઈ કાળે ભૂલી ન શકે. નદીનાં પાણી તમને ડુબાડવાને જેમ ઇંતેજાર હોય છે એવું સમુદ્રનાં પાણીનું નથી. સમુદ્રનાં પાણી ભોગ લે તો તે નછૂટકે જ. નહીં તો એની દાનત હમેશાં તારાઓને તારવાની જ હોય છે.

સાંકડી અને લાંબી હોડીમાં બેસી એક જ હલેસાથી દરેક મોજા સામે ચઢઊતર ચલાવવી

એ વળી બીજો આનંદ. બે મોજાં વચ્ચેની ખીણમાં હોડી આડી થાય તો મુસીબત ખરી. એટલી એક વાત સાચવી હોય તો સમુદ્રનાં આનંદ સાથે એકરૂપ થવા માટે આના કરતાં વધારે સરસ સાધન મળવું મુશ્કેલ.

આના પછી મોટી હોડીમાં જોડી જોડીમાં બેસીને બંને બાજુનાં હલેસાં તાલમાં ચલાવવાનો સાંઘિક આનંદ તે વળી ત્રીજો. એ પ્રૌઢ આનંદ મૂકપણે સેવાય જ નહીં. તાલનો કેફ એટલો તો માદક હોય છે કે એમાંથી ગાયન અચૂક ફૂટી નીકળવાનું જ.

વાફરમાં બેસવાનો આનંદ આ ત્રણે કરતાં કંઈક ઊતરતો ગણાય. તે એટલા જ માટે કે એમાં માણસનું બાહુબળ જરાયે વપરાતું નથી. નિયંત્રણચક્ર હાથમાં પકડનારના કાંડાને જે કસરત થાય છે તેટલા જ પુરુષાર્થ પૂરતો અવકાશ વાફરમાં મળે છે. પણ વાફર દ્વારા પાણી ચીરતા જવાનો આનંદ તો આખા શરીરને મળે છે. વાફર જ્યારે સોંસરું દોડતું જાય છે ત્યારે એની ગતિ આપણી રગેરગમાં પહોંચે છે. મોટર ચલાવવાના આનંદ કરતાં વાફર ચલાવવાનો આનંદ અનેકગણો વધારે હોય છે.

એ આનંદ માણતાં માણતાં અને સમુદ્રનાં પાણી અહીં કેટલાં ઊંડાં હશે એનો વિચાર કરતાં કરતાં અમે દેવગઢ ભણી ચાલ્યાં. મને વિચાર થયો "જે પાણી સૌથી નીચે છે, તે ઉપરનાં પાણીના ભારથી ચગદાઈ નહીં જતાં હોય? ઉપરનાં પાણી કરતાં નીચલાં પાણી વધારે ગાઢાં અને જાડાં હોવાં જ જોઈએ. અમુક માછલીઓ તો એ જાડા પાણીને વીંધીને નીચે ન જ ઊતરી શકતી હોય. પારાના સરોવરમાં જો આપણે પડીએ તો લાકડાના કકડાની પેઠે આપણે એના પર તરતા જ રહીશું. અમુક પ્રકારની માછલીઓનું નીચલાં જાડાં પાણીમાં એમ જ થતું હશે."

જેમ જેમ દેવગઢનો બેટ નજીક આવ્યો, તેમ તેમ આસપાસના નાના નાના બેટો અને ખડકો સ્પષ્ટ દેખાવા લાગ્યા. આકાશ અને સમુદ્ર જ્યાં મળે છે તે ક્ષિતિજની રેષા આજે ઘણી જ રેખીવ હતી. અહીં પૃથ્વી પૂરી થાય છે અને અહીં સ્વર્ગ શરૂ થાય છે, એમ કોઈ સોય વતી બરાબર ચીંધી આપતું હોય એમ લાગતું.

બે ફતેમારીઓ પોતાના સઢમાં પવન ભરી લઈને મુસાફરીએ ઊપડી હતી. એ સઢના પેટમાં પવન સાથે ઊગતા સૂર્યનાં કિરણો પણ ભરાયાં હતાં! એ ભારથી સઢ ફાટી જશે કે શું એમ લાગતું હતું. સઢો એટલા તો ચળકતા હતા કે એ રેશમના છે કે હાથીદાંતના છે એ નક્કી થતું ન હતું. સઢમાં જ્યારે પવન ભરાય છે, ત્યારે એમાં કેળનાં પાંદડાંની ભાત ઘણી શોભે છે.

હવે અમે દેવગઢની સાવ નજીક આવ્યાં. ટેકરી આખી નાનાંમોટાં ઝાડથી ઢંકાયેલી છે. ઉપરની દીવાદાંડી પોતાનો મોભો સાચવી આકાશ તરફ આંગળી ચીંધતી હતી. હવે વાફર આગળ જાય એમ હતું નહીં. બાકીનું ટૂંકું

છીછરું અંતર પૂરું કરવા માટે અમારા વાફરે એક નાનકડો કિંકર સાથે બાંધી લીધો હતો. એ નાની હોડીમાં અમે ઊતર્યા અને બેટને કિનારે પહોંચ્યાં. ઊતરતાંવેંત લાલ લાલ પાકાં બોરનાં ફળોએ અમારું સ્વાગત કર્યું. અમે ઉપર ચડતાં ચડતાં મોટાં મોટાં વૃક્ષની ડાળો અને વડની વડવાઈઓ નિહાળતાં નિહાળતાં દીવાદાંડીની તળેટી સુધી પહોંચ્યાં. દીવાદાંડીના દીપકાર એક ભલા મુસલમાન હતા. એમણે અમારું સ્વાગત કર્યું. બેટ ઉપર દીવાદાંડીને કારણે થોડાક લોકો રહેતા હતા. એમને કારણે થોડાંક બકરાં અને મરઘાં પણ રહેતાં હતાં (અને વખતોવખત મરતાં હતાં). સમુદ્રકિનારેથી ઊડતાં આવીને અહીંનાં ઝાડ ઉપર આરામ લેનારાં અને પ્રાકૃતિક કાવ્યના ફુવારા સંભળાવનારાં પક્ષીઓ તો ઋષિમુનિઓ જેટલાં જ પવિત્ર ગણાવાં જોઈએ.

વાફરમાં બેસીને અમે પરોઢિયે આત્માની ઉપાસના કરી હતી. અહીં એક ખડક ઉપર બેસી સૌએ પેટની ઉપાસના કરી. આસપાસની શોભા ધરાઈને જોયા પછી દીવાદાંડીના પેટમાં થઈને અમે ઉપર ગયાં.

દીવામાંથી 'વિશ્વતો' નીકળતાં કિરણો ખૂબીથી વાળીને એમનો પાણીના પૃષ્ઠભાગને સમાંતર એવો ધોધ દોડાવવા માટે અનેક પ્રકારના બિલોરી કાચની બનાવેલી બે ઢાલો અમે સૌથી પ્રથમ જોઈ. પેરાબોલા અને હાયપરબોલાના ગણિતનો એમાં પૂરતો ઉપયોગ કરેલો હોય છે. શંકુછેદનું ગણિત જે જાણે તે જ આનું રહસ્ય સમજી શકે. ત્યાર પછી એ દીવાનો બુરખો એક બાજુ ખસેડી દૂર સુધી સામુદ્રીય શોભા અમે નિહાળી અને એથી સંતોષ ન થતાં દીવાની આસપાસ ગોઠવેલી ગૅલરીમાં જઈને મુક્તપણે દશે દિશા અમે જોવા લાગ્યાં.

જે દૃશ્ય જોવાની ઝંખના છપ્પન વરસથી સેવતો આવ્યો હતો તે દૃશ્ય આજે જોયું! આંખોનું પારણું ફીટ્યું! આખો બેટ જાણે એક મોટું જહાજ છે અને દીવાદાંડી એની સઢ-કાઠી (mast) છે, અને અમે એના ઉપર ચડીને ચારે કોર ચોકી કરનાર ખલાસી છીએ. જહાજની સઢ-કાઠીની પેઠે આ દીવાદાંડી ડોલતી ન હતી એ ખરું. પણ તાજેતરમાં જ વાફરની મુસાફરી કરેલાં અમારાં ભેજાં એ ઊણપ દૂર કરતાં હતાં.

આટલી ઊંચાઈએથી ચારે કોર જોવામાં એક અનેરો આનંદ હોય છે. કુતુબમિનાર પરથી હિંદુસ્તાનની અનેક રાજધાનીઓનાં સ્મશાન જોવાથી મનમાં જે વિષાદ પેદા થાય છે તે અહીં થતો નથી. અહીંથી દેખાતા સમુદ્રમાં પ્રાચીન કાળથી અત્યાર સુધી અનેક વહાણો ડૂબ્યાં હશે પણ તેની ગમગીની અહીંના વાતાવરણમાં જરાય દેખાતી નથી. સમુદ્રમાં ભૂત અને ભવિષ્યને સ્થાન જ હોતું નથી. કાં તો વર્તમાનકાળ; અને કાં તો સનાતન અનંતકાળ - બેનું જ સામ્રાજ્ય ત્યાં ચાલે છે. જ્યારે તોફાન હોય છે ત્યારે લાગે છે કે આ જ સમુદ્રનું સાચું અને સદાનું રૂપ છે. અને જ્યારે આજની

પેઠે સર્વત્ર શાંતિ હોય છે ત્યારે લાગે છે કે તોફાન એ તો કેવળ ભીષણ માયા હતી, એક મોટું દુઃસ્વપ્ન. સમુદ્રનું મોઢું ખરેખર તો બુદ્ધ ભગવાનની શાંતિ અને એમનો ઉપશમ વ્યક્ત કરવા માટે જ સરજાયેલું છે.

આવડા મોટા સમુદ્રને આશીર્વાદ આપવાની શક્તિ પિતામહ આકાશની જ હોઈ શકે. આકાશ શાંત ચિત્તે બધે ફેલાઈને સમુદ્ર ઉપર રક્ષણનું ઢાંકણું બેસાડતું હતું અને એ ઢાંકણ પર કશી જ ભાત નથી એ સહન ન કરનારાં પક્ષીઓ એના ઉપર જાત જાતની લીટીઓ દોરવાના ક્ષણજીવી પ્રયત્નો કરતાં હતાં. કોઈ ભારેખમ માણસને હસાવવા માટે જેમ બાળકો એની આગળ બીતાં બીતાં થોડાક ચાળા કરી જુએ છે એમ સમુદ્રનો નીલો રંગ આકાશની નીલિમાને હસાવવા માટે અનેક અખતરા કરી જોતો હતો.

ભગવાનનું આવું વિરાટ દર્શન થતાંવેંત ભગવદ્ગીતાનો અગિયારમો અધ્યાય યાદ આવવો જોઈતો હતો, પણ આટલા પ્રાચીન કાળમાં જતાં પહેલાં ઉશ્કેરાયેલા ચિત્તે વિસામા માટે એક નજીકનો પ્રસંગ પસંદ કર્યો. વીસેક વરસ પહેલાં લંકાની છેક દક્ષિણે, દેવેન્દ્રથીયે આગળ જ્યારે માતારા ગયો હતો ત્યારે ત્યાંની દીવાદાંડી પર ચડીને બપોરના તડકામાં આવું જ પણ એથીય અનેકગણું વિશાળ દૃશ્ય જોયું હતું. ત્યાં તો નજરની ત્રિજ્યા કરી માણસથી જેવડું મોટું વર્તુળ ખેંચાય તેટલું ખેંચીને એનો દક્ષિણાર્ધ હિંદી મહાસાગરને આપ્યો હતો અને ઉત્તરાર્ધ નારિયેળનાં પાંદડાંનાં મોજાં ઉછાળતા અને બપોરના તડકામાં ચળકતા વનસાગરને અર્પણ થયો હતો. અહીં, દેવગઢ પરથી, પૂર્વની બાજુએ સૂર્યનારાયણની પાદપીઠ તરીકે શોભતો પર્વત દેખાતો હતો. એની તળે પથરાયેલો કારવારનો સમુદ્ર શાંતપણે ચળકતો હતો. એના પરની હોડીઓની ભાત સાવ આછી આછી હતી અને પશ્ચિમ તરફ તો અરબસ્તાનનું સ્મરણ કરાવતો એક અને અખંડ મહાસાગર જ હતો. એ આખું દૃશ્ય હૈયાને ગૂંગળાવનારું હતું.

મોઢામાંથી એટલા જ શબ્દો નીકળી શક્યા -

नमोऽस्तु ते सर्वत एव सर्व।

અમે નીચે ઊતર્યાં. જેમ ગયાં તેમ વાફરમાં બેસીને પાછાં આવ્યાં. પાછા આવતાં આસપાસનું દૃશ્ય બધું જોતાં હતાં, માણતાં હતાં, કવિના કાવ્યનો સ્વાદ ફરી આનંદથી ચાખતાં હતાં. પણ એ બધું પંચ પકવાનનું આકંઠ સેવન કર્યા પછીના મુખવાસ જેવું જ હતું, એ કહેવાની જરૂર છે?

અમારા શરમાળ ચિત્રકારે એટલો વખત એક ખૂણામાં બેસી પાસેના ખડકનું અને આસપાસના સમુદ્રનું ચિત્ર દોર્યું. ઘેર આવતાં એણે એ મને ભેટ આપ્યું! એ સુંદર ભાવપૂર્ણ ચિત્ર છપ્પન વરસની ભૂખ ભાગ્યાના શુભ પ્રસંગના સ્મારક તરીકે મેં પ્રસન્નતાથી સ્વીકાર્યું.

દીવાદાંડીનું કાવ્ય આખરે પૂર્ણતાએ પહોંચ્યું.

# વિકાસની વાટે વિશ્વકોશ ટ્રસ્ટ

- અશોક સોમપુરા

સમય પરિવર્તનશીલ છે. જે આજે નવું છે તે કાલે જૂનું થવાનું છે. વળી એ જૂનું ક્યારેક નવા વાઘા સજીને આપણી સમક્ષ આવે છે. આ સમયના ગર્ભમાં કેટલીક ઉત્તમ ઘટનાઓ, પ્રસંગો, ઈતિહાસ, ધાર્મિક તેમજ પૌરાણિક બનાવો અને કેટલીક ઉત્તમ સંસ્થાઓ સ્થાપિત થયેલી છે. આવી સ્થાપિત થયેલી સંસ્થાઓ પોતાની પ્રેરણાદાયી અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહી જનસમાજનું સાંસ્કારિક ઘડતર કર્યા કરે છે.

ગુજરાતની સમાજનું શૈક્ષણિક, સંસ્કાર સિંચનનું માવજત કરતી સંસ્થા એટલે ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ. આ સંસ્થા જીવાતા જીવનમાં ચાલતી તમામ ઘટનાઓ અને અનેકવિધ આયામો સાથે કામ કરતી સંસ્થા છે. ૧૯૮૫ની બીજી ડિસેમ્બર, એચ.એલ. કોલેજની હોસ્ટેલમાં આ સંસ્થાનો જન્મ થયો. ખૂબ ટાંચા સાધનો અને અનેક મર્યાદાઓ સાથે ઝઝૂમતા ઝઝૂમતા આ સંસ્થા કાઠું કાઢતી ગઈ. સમાજના અનેક મહાજનો, શ્રેષ્ઠીઓ અને નિષ્ઠાવાન માણસો દ્વારા સતત સહકાર મળતો ગયો. આ સહકારનું પ્રામાણિકતાથી અમલીકરણ થતું જ ગયું. સંસ્થા સ્થાપકો અને ઉમદા કાર્યકરો સંસ્થા વિકાસમાં સદાય કાર્યાન્વિત રહ્યા. જેના ફળ સ્વરૂપે આજે આ સંસ્થા સંસ્કાર સિંચનનું મહાકાય વૃક્ષ બની રહી છે.

વિશ્વકોશના શિલ્પી પદ્મભૂષણ ડૉ.ધીરૂભાઈ ઠાકર, ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓના પ્રણેતા શ્રી સાંકળચંદભાઈ પટેલ, સમાજના પ્રથમ હરોળના શ્રેષ્ઠી શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, સાહિત્યકાર શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલસચિવ શ્રી કંચનલાલ પરીખ, શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી પ્રીતિ શાહ, શ્રી સી.કે. મહેતા, શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી ભગવતી હીરાલાલ અને શ્રી કુમારપાળ દેસાઈ જેવા મહાનુભાવોનો ફાળો આ સંસ્થાના વિકાસમાં અમૂલ્ય અને ઉપયોગી રહ્યો છે.

જ્ઞાનવિકાસ અને જ્ઞાનપોષકની વિવિધ પ્રવૃત્તિઓમાં અનેકવિધ વિષય ધરાવતા પુસ્તકોનું પ્રકાશન એ આ સંસ્થાની આગવી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિને પૂરક અને પોષક એવી વ્યાખ્યાન શ્રેણીનું આયોજન સમયાંતરે આ સંસ્થામાં થાય છે. આજે એમ કહેવું બહુ ઉચિત લાગે કે “ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણીના અનેક વ્યાખ્યાનો યોજાઈ ગયા. સાથે સાથે શ્રી ધીરૂભાઈ ઠાકરના નામે શરૂ થયેલો “પદ્મભૂષણ ડૉ. ધીરૂભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ” એ

વિશ્વકોશની અનેક પ્રવૃત્તિઓમાં શિરમોર છે.

વધુમાં શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણ વિષયક એવોર્ડ, સમાજ ઉત્કર્ષ એવોર્ડ, શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ, આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક, ચિત્રકારશ્રી પ્રફુલ્લ દવે કલા પ્રતિભા એવોર્ડ, તેમજ શ્રીમતી કુંદનબહેન અંબાલાલ કલાગૌરવ પુરસ્કાર જેવા અનેક એવોર્ડ એનાયત કરાય છે.

વિશેષમાં આ સંસ્થામાં બાળકો માટે, મહિલાઓ માટે અને દિવ્યાંગજન પ્રજ્ઞાચક્ષુઓ માટેની પ્રવૃત્તિઓ પણ સમાજને સંતોષ આપે છે. વળી બ્રેઈલ લિપિમાં પુસ્તકો- વિશ્વકોશના ગ્રંથો તૈયાર કરવા, "વિશ્વવિહાર" સામયિકના લેખો ઓડિયો સ્વરૂપે મૂકવા, યોગ શિબિરો તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન આ સંસ્થા પ્રજ્ઞાચક્ષુઓ માટે કરે છે. વિશ્વકોશ સંસ્થાની આવી વિવિધ પ્રવૃત્તિ માનવતાને ઉજાગર કરે છે.

વિશ્વકોશના ૨૬ ગ્રંથોના ૨૪૦૦૦ જેટલા અધિકરણો ઓનલાઈન મૂકવામાં આવ્યા છે. આ સાથે શ્રી પ્રીતિ શાહ વિશ્વકોશમાં "વિશ્વવિહાર" સામયિકના સંપાદનની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવે છે. ઉપરાંત 'વિશ્વા' તથા 'ગુર્જરી ડાયજેસ્ટ' જેવા ઉત્તમ સામયિકનું પ્રકાશન પણ થાય છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ૧૯૮૫ થી ૨૦૨૫ની ચાર દાયકાની યાત્રા સાહિત્ય-કલા-વિજ્ઞાન ટેકનોલોજી - ખગોળ વિજ્ઞાન અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સદાય સક્રિય રહી છે.

આધુનિક પ્રવાહો સાથે એકરસ થઈ અને સમગ્ર વિશ્વમાં આ સંસ્થાને સફળતાના શિખરે પહોંચાડવામાં શ્રી કુમારપાળ દેસાઈનો ફાળો બહુ બહુ મૂલ્યવાન અને ઉપયોગી સાબિત થયો છે. આથી જ એમ કહેવું બરાબર ઉચિત રહેશે કે શ્રી કુમારપાળ દેસાઈ આ સંસ્થાના કલાધર કસબી છે. કારણ કે તેમનું માર્ગદર્શન અને કાર્યશૈલી સામાન્યજનને પણ પોતીકું લાગે તેવી રહી છે. આથી આ સંસ્થા લોકજાગૃતિના કાર્યમાં સદાય મોખરે રહી છે. વધારે કે ઓછું ભણેલા તેમજ દરેક પ્રકારના વિવિધ ક્ષેત્રમાં રસ ધરાવતા સૌને માટે આ સંસ્થાની પ્રવૃત્તિ- તેની માહિતી સાવ સરળ ઉપયોગી લાગી.

ગુજરાતી અસ્મિતાની અને સંસ્કારિતાની ઉત્તમમાં ઉત્તમ પ્રવૃત્તિઓ આ સંસ્થામાં પાંગરી છે અને ફૂલીફાલી પણ છે. આ સંસ્થામાં જ્ઞાનપોષક અને જ્ઞાનવર્ધક અનેક તત્ત્વો જાગૃત થયા છે અને પ્રજાજીવનને અને માનવીય વ્યવહારને સમૃદ્ધ કર્યા છે. આવી ઉચ્ચ કોટિની સંસ્થાની અનેક પ્રવૃત્તિઓ ઉજાગર થયા કરે છે ત્યારે ભવિષ્યમાં ઈતિહાસ પણ તેની સાક્ષી પૂરશે.

આથી જ આવી સંસ્થા અને તેની ઉત્તમ પ્રવૃત્તિઓ અનેક દાયકાઓ સુધી જીવંત રહે તેવી શુભેચ્છા.

# સતનું સરનામું

- પાલખીવાલા અમિતા મનુભાઈ

''દિલ દેશનું કર્યું ધબકતું, સંવેદનાથી સાંધી સતનું સરનામું છે ગાંધી.''

- હરદ્વાર ગોસ્વામી

'सत्यमेव जयते' - મુન્ડકોપનિષદના આ મંત્રને સૌ પ્રથમ પંડિત મદનમોહન માલવિયાએ ઇ.સ.૧૯૧૮માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેમની ચારમાંથી બીજી ટર્મની સેવા આપતા પ્રચલિત બનાવ્યું હતું. જેને રાષ્ટ્રીય શબ્દકોશમાં લાવવામાં આવ્યો હતો અને આઝાદીની ચળવળ વખતનો આ મંત્ર ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતીય સંવિધાનના સૂત્ર તરીકે અપનાવવામાં આવ્યો. જેનો અર્થ થાય છે, 'સત્યનો વિજય થાય છે.'

सत्यमेव जयते ભારતનું આ રાષ્ટ્રીય આદર્શવાક્ય છે. આ વાક્યથી કોઈ અજાણ્યું નથી. અને આ વાક્ય ગાંધીજીના જીવન સાથે હંમેશ માટે વણાઇ ગયું. 'સત્ય' શબ્દ 'સત'માંથી આવે છે. ગાંધીજી કહેતાં, સત એટલે હોવું. સત એટલે જે છે કે જેની હયાતી છે. સત્ય એટલે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુની હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત', એટલે 'સત્ય' છે. એના કારણે ઈશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે.

નરસિંહ મહેતાની કાવ્યપંક્તિ 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે, કનક-કુંડલ ઘડ્યા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય.' ગાંધીજી આ જ કહે છે, એમ આપણે જાણીએ છીએ. એ જ રીતે નોખાં જણાતાં બધાં સત્ય તો એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. ગાંધીજી કહેતા, શ્રદ્ધા, નમ્રતા અને વિવેક દ્વારા સત્યની શોધ સહેલી બને છે. સત્ય પ્રત્યેની નિષ્ઠા માટે જે પ્રતિબદ્ધતા જોઈએ તે ગાંધીજી આ શબ્દોમાં વ્યક્ત કરે છે, 'ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ.'

'આંખો પવિત્ર રાખ સાચું તું બોલ
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ
સત્ય એ જ પરમેશ્વર બાપુનો બોલ
તારામાં પરમેશ્વર છે કે નહીં શોધ'

ગાંધીજીએ તેમની આત્મકથામાં સત્યના તેમણે જે પ્રયોગો કરેલા છે તેની કથા લખી છે. આત્મકથાને બદલે ગાંધીજીએ તેના ઉપર રચાયેલાં કાર્યોનો ઇતિહાસ આપ્યો છે. આથી જ તેમણે એ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું નામ આપેલું છે. આમાંથી સત્યથી ભિન્ન મનાતા અહિંસા, બ્રહ્મચર્ય, સાદગી, ખોરાક વગેરે નિયમોના પ્રયોગો આવી જાય છે.

ભારતીય સંસ્કૃતિ એટલે સત્ય સંસ્કૃતિ. આપણે ત્યાં સત્ય સાથે અભિન્ન રીતે એક રાજા હરિશ્ચંદ્ર અને બીજા ગાંધી જોડાયેલા છે. પણ સાથે ભક્ત પ્રહલાદ, રામચંદ્ર, ઈમામ હુસેન, ખ્રિસ્તી સંતો વગેરેના પણ દૃષ્ટાંતો વિચારવા જેવા છે. વિદ્વાન લેખક ગુણવંત શાહના

શબ્દોમાં જોઈએ તો, "સત્ય બોલનારની સ્થિતિ કેવી હોય છે? એ જ્યાં હોય છે ત્યાં કોઈ નથી હોતું. મીરાંબાઈ એકલી હતી, સાચી હતી. મેવાડ ખોટો હતો. જગદીશચંદ્ર બોઝ સાચા હતા. કહેવાતા બૌદ્ધિકો સાચા નહોતા. મહમ્મદ સાચા હતા, જીસસ સાચા હતા, રામકૃષ્ણ પરમહંસ સાચા હતા. નરસિંહ મહેતા એકલા હતાં, એકનાથ એકલા હતાં, નામદેવ પણ એકલા હતાં. કબીર તો સાવ એકલા, પણ સાચા હતાં. કહેવાનું એ કે સત્ય એકલ-દોકલ હોય છે. સત્યમાં ભીડ નથી હોતી. સત્ય પરેશાન થઈ શકે પરંતુ પરાજિત નહીં." સમાજની સદીઓથી ચાલી આવતી વ્યવસ્થામાંથી તમે બહાર જાઓ એટલે સમાજને ફાવવાના નથી.

મહાભારતના કર્ણપર્વમાં (૬૯મો અધ્યાય) શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધીને કહે છે, 'સત્ય કરતાં બીજું કંઈ ઉત્તમ નથી.' મહાકવિ વાલ્મીકિએ રામને 'સત્યપ્રતિજ્ઞ' તરીકે ઓળખાવ્યા છે.

કોપભવનમાં કૈકેયી મહારાજ દશરથ પાસે બે વરદાન માંગી લે છે. જે અનુસાર રામ ચૌદ વર્ષ માટે વનમાં જવા તૈયાર થાય છે, પરંતુ લક્ષ્મણનો પુણ્યપ્રકોપ પ્રજ્વલી ઊઠે છે. એ રામને કહે છે, "જો કૈકેયીની ચઢામણીથી એના પર વારી જઈને પિતાજી આપણા શત્રુ બની રહે તો આપણે પણ મોહમાયા છોડીને એમને કેદમાં પૂરવા જોઈએ." રામ જવાબમાં કહે છે, 'धर्मे सत्यम् प्रतिष्ठितम्।' આમ રામને મન સત્ય ધર્મનું ગુરુત્વ મધ્યબિંદુ હતું. ગાંધી કહે છેઃ 'સત્ય એ જ પરમેશ્વર.' તો રામ અને ગાંધી એટલે કે રામરાજ્ય અને રાજઘાટ બંનેને જોડતો સેતુ તે સત્યનો સેતુ થયો ને!

'सत्यमेव जयते' સૂત્રનો ઈતિહાસ પણ જાણવા જેવો છે. 'सत्यमेव जयते' ભારતનું રાષ્ટ્રીય આદર્શ વાક્ય માનવામાં આવે છે. જેનો અર્થ થાય છે - "સત્યની જ જીત થાય છે." દેશની આઝાદી બાદ ડિસેમ્બર ૧૯૪૭માં તે ભારતના વર્ચસ્વનું પ્રતીક બની ગયું અને ત્યારબાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતના રાષ્ટ્રીય સૂત્ર તરીકે પ્રજાસત્તાક ભારતનું તે પ્રતીક બની ગયું.

ગાંધીજીનું સર્વસ્વ જ સત્ય હતું. આથી જ તો તેઓ કહેતાં, 'ભલે પડે મારો દેહ, નહિ દઉં સત્યને છેહ.' ડૉ. ગુણવંત શાહ કહે છે, "ગાંધીજીની રાજનીતિ એટલે સત્ય. ગાંધીજીનું રક્ષાકવચ એટલે સત્ય, ગાંધીજીનું શસ્ત્ર એટલે સત્ય, ગાંધીજીનું સર્વસ્વ એટલે સત્ય." સત્યને જ દીવાદાંડી ગણી તેના આશ્રયે પોતાનું જીવન તેમણે વ્યતીત કર્યું. તેઓ કહેતા, "દરેક હિંદી 'સત્ય'નો જ આગ્રહ રાખશે તો હિંદુસ્તાનને કોઈ આંખ આડા કાન નહીં કરી શકે."

ગાંધીજીના સત્યના સથવારાને કારણે જ તેમને રામ, કૃષ્ણ, બુદ્ધ અને ઈસુની હરોળમાં મૂકવા પડે. મર્યાદા-પુરુષોત્તમ રામ, પ્રેમાવતાર કૃષ્ણ, કરુણામય બુદ્ધ અને અહિંસાની મૂર્તિ ઈસુની જેમ જ ગાંધી સત્યમય અને પ્રેમમય અને કરુણામય હતા. ખરેખર, સત્યના પૂજારી અને મહાત્મા તરીકે ગાંધીજી દરેકના હૃદયને સ્પર્શી જાય છે. સદ્ગત રામમનોહર લોહિયાએ ગાંધીજીને 'રામના વંશજ' ગણાવેલા. ગાંધીજીને સમજવાની ખરી ચાવી રામને

સમજવામાં રહેલી છે.

સત્યને ઊની આંચ પણ ના આવે તેવા વાણી, વિચાર અને વર્તનથી ગાંધીજીએ પોતાના જીવનને સત્યની પ્રયોગશાળામાં જ ફેરવી દીધું. એટલે તો એમની આત્મકથાને ગાંધીએ 'સત્યના પ્રયોગો' એવું નામ આપેલું છે. ગાંધી પોતાની આત્મકથામાં લખે છે, 'સત્યના શોધકે રજકણથી પણ નીચે રહેવું પડે છે.' (સત્યના પ્રયોગો - પ્રસ્તાવના - પાના નંબર-૮) સત્ય, અહિંસા, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, સ્વદેશી વગેરે નિયમોના પ્રયોગો 'સત્યના પ્રયોગો' માં આવી જાય છે. પણ એ બધામાં એમને મન સત્ય જ સર્વોપરી હતું. અને સત્યથી રચાયેલી જીવનશૈલીને કારણે જ ગાંધીજી જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સરોજિની નાયડુ, મૌલાના આઝાદ, આચાર્ય વિનોબા ભાવે જેવા એકબીજાથી વિરોધાભાસી વ્યક્તિત્વોને પોતાના જીવનમાં સંઘરી શક્યા.

આપણા વેદ, ઉપનિષદ, પુરાણ અને મહાકાવ્યોનું ગુરુત્વ મધ્યબિંદુ જ સત્ય છે. 'सत्यं वद, धर्मं चरः', 'सत्ये धर्म सदाश्रितः' આવા અનેક સંસ્કૃત શ્લોકો પણ 'સત્ય'નું મહત્ત્વ જ દર્શાવે છે. ગાંધીજી સત્યનું સૌંદર્ય પામ્યા હતા. આથી જ ગાંધીજીને સમજવા માટે 'सत्यम्, शिवम् અને सुन्दरम्' એટલે કે સત્ય, શિવ અને સુંદરતા - આ ત્રણ શબ્દો જ પૂરતા છે, જે આપણી વૈદિક સંસ્કૃતિમાં પણ દર્શાવ્યા છે.

સત્યની શોધ પાછળ તપશ્ચર્યા હોય છે અને સત્યની આરાધના એટલે જ ભક્તિ. ગાંધીજીનું જીવન મૃત્યુથી અટકે એવું નથી. એમના ક્ષરદેહના વિલય પછી પણ 'सत्यमेव जयते' શબ્દમાં ગાંધીજી જીવે છે. અને રાષ્ટ્રીય પ્રતીકમાં અંકિત થયેલા આ શબ્દો દ્વારા આવનારી અસંખ્ય સદીઓ સુધી આપણને કહેતા રહેવાના કે, 'સત્ય અને અહિંસા તો પર્વત જેટલા પુરાતન છે.'

सत्यम् धर्मस्य मूलम्।
सत्यम् ह्येव उपासितव्यम्।
सत्यम् हि परमं तपः।
सत्यम् हि परमेश्वरः।

'ભારત કેરી સ્વતંત્રતાની વીણા તે ઝંકારી,
ઝંકારે ઝંકારે જાગી સુપ્ત વસુધા સારી;
ત્હારા સત્ય - અહિંસાના
સૂરો શું રહેશે ક્યાંય છાના ?'

ભારતની સ્વતંત્રતા માટે પોતાના જીવનને પ્રયોગશાળામાં ફેરવી નાખનાર ગાંધીની સત્યસાધના નિરપવાદપણે સ્વચ્છ અને સત્યસ્થ હતી. ગાંધીજીનું સત્ય, બ્રહ્મની પરમ સત્તાની ઉપાસના માટે હતું અને એમની લાંબી શોધને અંતે એમને એક વિધાન પ્રાપ્ત થયું; 'સત્ય એ જ પરમેશ્વર.'

'તારા સત્યની સુગંધ
પ્રસરતી રહે છે
હવામાં હજી .......'

'એનું જીવનકાર્ય અખંડ તપો,
અમ વચ્ચે બાપુ અમર રહો.
એનો સત્યનો સૂર્ય સદાય તપો,
અમ તાપ-નિરાશાના મેલ દહો,'

- કવિ જુગતરામ દવે

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

# ॥ સત્વશીલ પુરુષાર્થની પ્રયોગશાળા ગુજરાત શૈ. સાંસ્કૃતિક મંચ ॥

- શ્યામજીભાઈ દેસાઈ

ગુજરાત શૈક્ષણિક-સાંસ્કૃતિક મંચ છેલ્લાં પાંચ વર્ષથી શિક્ષણ અને સમાજજીવનનાં વિવિધ પાસાંઓને આવરી લઈ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે. એના સંયોજક તરીકે શ્રી તખુભાઈ સાંડસુર જવાબદારી વહન કરે છે. સહ સંયોજક મિત્રો એમની પડખે હોય છે.

મંચના સર્જન સમયે વિવિધ હેતુઓ પૈકી શિક્ષણ, સાહિત્ય, સામાજિક પરિવર્તન અને ભારતીય સાંસ્કૃતિક ધરોહરની જાળવણી, સંવર્ધન અને સંશોધનને લગતાં કાર્યોને વિશેષ પ્રાધાન્ય આપવું એવું નક્કી થયું હતું.

આઝાદી બાદ ગુજરાતના શિક્ષણે રાષ્ટ્રીય કક્ષાએ સારું એવું કાઠું કાઢ્યું હતું એ એનો ઈતિહાસ બોલે છે. પણ વિધિની વક્રતા એ રહી કે વર્તમાન સમયે પાછલાં કેટલાંક વર્ષો આસપાસ શિક્ષણ લોક ચર્ચિત મુદ્દાઓનું કેન્દ્રબિંદુ બની બેઠું છે. એના ઊંડાણમાં દ્રષ્ટિપાત કરી આપણે નકારાત્મક વલણના ઉકરડાને ઉથામવો નથી. પણ આપ સૌ પ્રબુદ્ધ નાગરિકો સારી રીતે વાકેફ છો કે દિનપ્રતિદિન સરકારી શિક્ષણતંત્રની ટીકા અને ખાનગીકરણને પ્રોત્સાહનનો બળુકો પવન ફૂંકાઈ રહ્યો છે. શિક્ષણવિદો અને ચિંતકો ચિંતિત છે.

આ સ્થિતિમાં મંચે ગુજરાતના સરકારી શિક્ષણતંત્રને સમજવા સાથે એમાં પ્રાણ પૂરવાનું વર્ષ ૨૦૨૨થી શરૂ કર્યું. મંચના ઉદ્દેશ્ય અનુસાર દર વર્ષે, વર્ષમાં બે સંગોષ્ઠિના માધ્યમથી શિક્ષકોમાં રહેલ શિક્ષકત્વને ઉજાગર કરવાની પહેલ લોકનિકેતન રતનપુર જેવી પ્રયોગશીલ શિક્ષણ સંસ્થામાં પ્રથમ સંગોષ્ઠિથી કરી. સમયની તાસીરે 'શિક્ષણમાં ગુણવત્તા' વિષય ઉપર સહિયારું મંથન ચાલ્યું. દરેક સહભાગીઓની કાર્ય પદ્ધતિ, વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ, એમાં અપનાવેલ પ્રયુક્તિઓ-પ્રવિધિઓ વગેરે વગેરેની બારીકાઈથી નોંધ લીધી. આવાં કામ અને એના કર્તાઓની પીઠ થાબડવી, એમને યોગ્ય મોકળાશ આપવી એ વાતે અમારું આકર્ષણ વધ્યું. શરૂઆત હોવા છતાં લગભગ ૩૯ સાધકો ઉપસ્થિત રહ્યાં હતાં. એ પછી અમારા લક્ષ્યાંક મુજબ લગભગ ૫૦- ૮૦ આસપાસ સંખ્યા રાખી, પહેલ એ પણ કરી કે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી કર્તવ્યનિષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવાનું સ્તુત્ય કાર્ય કરવું. સમય જતાં સંગોષ્ઠિ સ્વયં એક રીતે પારસ્પરિક રીતે કંઈક અર્પણ અને મેળવવાની પ્રક્રિયા છે એવું ફલિત થયું. અહીંથી અમારા વિશ્વાસને દ્રઢતા મળી, સાથે સાથે સહજ લાગ્યું કે 'શિક્ષક સાધારણ નથી જ'. શિક્ષકોની ક્ષમતાને સમાજ સમક્ષ મૂકી શકાય એના ભાગરૂપે આગળ જતાં શિક્ષકોએ કરેલ કામની સ્વ શાબ્દિક વાચાએ 'શિક્ષણના ધ્રુવતારકો' નામે લેખિત દસ્તાવેજરૂપે પુસ્તકનું સર્જન થયું. દરેક

સંગોષ્ઠિમાં વિષયને અનુરૂપ યોગ્ય વક્તાઓએ ઉચિત ભાથું પીરસ્યું. શિક્ષકોના હૃદયોદ્ગાર સાંભળી ધન્ય થવાયું. સામેપક્ષે શિક્ષકોએ અનુભવ્યું કે મંચ આપણી શક્તિ, કાર્ય અને સામર્થ્યને ઇચ્છિત સદ્‌સંકલ્પોને સાક્ષીભાવે લોકભોગ્ય બનાવે છે. સાથોસાથ એમાં હકારાત્મક અભિગમયુક્ત શિક્ષકની યોગ્યતાની આડકતરી ચકાસણીમાં સક્રિય - કર્તવ્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ અને નાવિન્ય સભર વ્યકિતત્વો મળ્યા. દરેક વખતે શિક્ષક જે તે શાળા અને આસપાસના વિસ્તારનો પ્રાણ સાબિત થતાં ગયાં. કર્તવ્યનિષ્ઠ શિક્ષકની શાળાના વર્તુળમાં આવતી શાળાઓ પણ એ રંગે રંગાઈ. શિક્ષણને સકારાત્મક અભિગમનો ચેપ લાગ્યો એમ કહી શકાય.

આમ ગુજરાત શૈક્ષણિક-સાંસ્કૃતિક મંચની સંગોષ્ઠિઓએ શિક્ષકોના કાર્યોને બિરદાવવા સાથે એમના શારીરિક અને માનસિક સામર્થ્યને ઉદ્દીપન બળ આપ્યું.

સાંપ્રત સમયની તાસીરે શિક્ષણમાં ગુણવત્તા, મૂલ્યનિષ્ઠા, પર્યાવરણ, શિક્ષણમાં વાચનનું મહત્વ, બોર્ડની પરીક્ષા અને કારકિર્દી માર્ગદર્શન, ઇતિહાસમાં મૂલ્યશિક્ષણ, લોકશાહીમાં નાગરિક ધર્મ તથા અધ્યાત્મ અને શિક્ષણ જેવા વિષયો ઉપર ઊંડાણથી ખેડાણ થયું. શિક્ષણમાં બાળવાર્તાઓની ભૂમિકાને ધ્યાનમાં લઈ બાલ સાહિત્ય શિક્ષણની ધોરીનસને એક ખાસ સંગોષ્ઠિ મારફત પ્રસ્તુત કરી. આ કાર્ય લગભગ ૬૦ હજાર વિદ્યાર્થીઓના બહોળા ફલકે છવાયું. વર્તમાન સમયે શાળા, વાલી-શિક્ષક અને વિદ્યાર્થીઓના ભવિષ્યનો સીધો સંબંધ બોર્ડ જેવી જાહેર પરીક્ષાઓમાં ઉત્તમ રીઝલ્ટ સાથે હોય એ સ્વાભાવિક છે. એટલે શરૂઆતમાં 'ધોરણ દસ-બાર ચપટીમાં પાર' અભિગમ સાથે યોગ્ય માર્ગદર્શનનું કામ થયું. એ પછી માત્ર પાર થવામાં જ નહીં પણ ઓછા વત્તા પરિણામે હતાશા-નિરાશાનો ભોગ ન બનતાં ભણતર અને જીવન ગણતરના આગવા અંદાજે અલગ જ માર્ગદર્શનનો વળાંક અપનાવ્યો.

અમારા આ અભિયાનનું એક મૂલ્યવાન કાર્ય એ રહ્યું છે કે દર વર્ષે સમગ્ર ગુજરાતમાં ખુલ્લી લીંકે જાહેરાત કરી, શિક્ષકોમાંથી તારવેલ પસંદગી સમિતિ દ્વારા પસંદ કરી, મંચ દર વર્ષે ચાર શિક્ષકોને સરસ પ્રશસ્તિપત્ર, શાલ, યોગ્ય રોકડ પુરસ્કાર અને શીલ્ડ/એવોર્ડ્સ અર્પણ કરી સન્માનિત કરે છે. આ ઉપરાંત પોતાના કાર્યક્ષેત્રે કે જનતા સમર્પિત કામમાં યોગ્ય વ્યક્તિને શોધી લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપવાનું સ્તુત્ય કાર્ય કરે છે. માત્ર આટલાથી જ ન થોભતાં, સમાજજીવનમાં સમર્પિત શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક કાર્યકરોને ઢંઢોળીને એમને ઉચિત એવોર્ડ્સ અર્પણ કરી સન્માનિત કરે છે.

આ સમગ્ર પ્રક્રિયાઓ ગુજરાતભરના ઉત્તમ, પસંદીદ શિક્ષકોની હાજરીમાં થાય છે. એટલે કર્તવ્યનિષ્ઠાનું શું મૂલ્ય છે એ મૂલ્ય સંવર્ધનની સાહજિક પ્રક્રિયા બની ગઈ છે.

અમારા આ આખા પ્રયાસની ફળશ્રુતિ એ તારવી શકાય છે કે ગુજરાતના શિક્ષણ જગતમાં હજી ધબકતો ધબકાર ધરબાયેલ છે. પ્રાથમિક શિક્ષણમાં જ તલસ્પર્શી નજર નાખશો

તો સેંકડો શિક્ષકો વિદ્યા વાચસ્પતિ [Ph.D.] છે. ઘણા બધા ટેકનોલોજીકલ જ્ઞાન સાથે વૈવિધ્યપૂર્ણ વિષયોમાં રસિક છે. શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કરવાની ખેવના ધરાવે છે. ઘણાં બધાં શોધપત્ર શિક્ષકોના સફળ પુરુષાર્થે પોંખાયાં છે. સવાલ માત્ર એમને યોગ્ય મોકળાશ અને કામની તક આપવાના નેતૃત્વ અને યથાયોગ્ય માર્ગદર્શનની આવશ્યકતાએ ઊભી છે. આ અમારા નાના-પાયાના, બિન સતાવાર અધિકારક્ષેત્રની મર્યાદાઓ વચ્ચેના સંતુલનની વાસ્તવિકતા છે. શિક્ષણમાં નિરાશ થવાની જરૂર નથી જ. જરૂર છે એમના સાચા રાહબર બની, એમની પીઠ થાબડનાર કોઈ ઓલિયાઓ બનવાની.

એ પછી અત્યાર સુધી કુલ નવ વિવિધ સંગોષ્ઠિએ શિક્ષણ જગતમાં સકારાત્મક વિચારધારાની સુનામી પ્રસરાવી. 'મારી શાળા-આચાર અને નવાચાર', 'ઘટ અને ઘડવૈયાઓ' જેવાં પુસ્તકોનું શિક્ષકોની કલમે સર્જન થયું. અહીં આ રીતે સર્જનાત્મક શક્તિ, સાહિત્ય અને વિચારોની ઉચિત અભિવ્યક્તિના અનુભવોમાં રાચવાની તક આપી. નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધાઓ, પુસ્તક પરિચય અને સમીક્ષા જેવા વિષયોનો સુંવાળો સ્પર્શ ચૂક્યા નથી. શિક્ષણ સંવેદનહીન ન હોઈ શકે. સંવેદનાનાં સ્પંદન એ કેળવણીની સાચી નિશાનીઓ છે. આ વખતે 'શિક્ષણ સંવેદના યાત્રા'નો એક આગવો રાહ પકડ્યો છે.

માનવની સંવેદનાઓ સંકુચિત ન રહેતાં સકલ વૈશ્વિક સ્તરે વિસ્તરે એ ખ્યાલથી સંગોષ્ઠિના પડાવ હંમેશા પ્રાકૃતિક ખોળે પથરાય એ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. લુપ્ત થતી ચકલીઓના હજારો માળાઓનું વિતરણ પણ શિક્ષણ આલમના સહયોગે સફળ થઈ રહ્યું છે. વન, જંગલ, નદી, સાગર, જળ, પર્વત વગેરે સ્થાનોએ વિવિધ પશુઓ-પ્રાણીઓ, પંખીઓ વગેરેની વચ્ચે, અમે પ્રાકૃતિક સૌંદર્યના વૈભવે માળા નાખ્યા છે. શિક્ષણ ધામો ઉપરાંત પર્યાવરણ તથા પ્રાકૃતિક સ્થળોએ ફોર્મ હાઉસ જેવાં સ્થળો-સાસણગીર, ભાંડુપરા, જૂનાગઢ, જામ્બુઘોડા, કેવડિયા, ચાસ માંડવા-ધરમપુર વગેરે જગ્યાઓએ અમારા સંગોષ્ઠિ સાધકોને પાદચિહ્ન પ્રસ્થાપિત કરવાની મોકળાશ મળી છે.

અમારા આ અભિયાનમાં નિવૃતોએ પણ ઉમેદા રસ દાખવ્યો છે. એમના અનુભવોનો નીચોડ સૌને સહર્ષ પિરસાયો છે. આ સમગ્ર કાર્ય કોઈ લોભ, લાલચ કે અપેક્ષાઓ રહિત, લગભગ યજમાન પદે કે અપવાદરૂપ સ્વ ખર્ચે ગોઠવાય છે. છતાં સહભાગી થવાની જબરજસ્ત હોડ સમાન આકર્ષણે જમાવટ કરી છે. વર્ષ દરમિયાન ચાલતી વિવિધ સાહિત્યિક, શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત, જે તે વિસ્તારના સામાન્ય નાગરિકોની જીવન પદ્ધતિ, એના પ્રશ્નો અને ઉપયોગી થઈ શકવાની મથામણને પણ એટલું જ મહત્ત્વ અપાય છે.

શિક્ષકોએ તૈયાર કરેલ કે કરાવેલ ઈનોવેટીવ કાર્યો, ઈ.ફેસ્ટિવલ અહેવાલ અને કર્મચારીઓના ભગીરથ કાર્યોના સમીક્ષાત્મક વલણને બરાબર પ્રોત્સાહન અપાય છે.

સાથે સાથે શિક્ષણના ભોગે શિક્ષકોને અપાતા બિન શૈક્ષણિક કાર્યોના ભારમાંથી સવિનય છૂટકારાની નૈતિક હિંમત દાખવી, રાજ્ય કક્ષાએ યોગ્ય સક્ષમ મંત્રી કે સંલગ્ન અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવાનું બળ મળ્યું છે. જેના સકારાત્મક પડઘા પડ્યા છે.

આ અભિયાન સ્વયં શિસ્તબદ્ધ, સુસંચાલન અને સમય નિર્ધારિત કાર્ય પ્રણાલીએ ચાલે છે. નીતિમત્તા અને પ્રામાણિકતા એનો પ્રાણ રહ્યો છે.

આશા રાખીએ કે ગુજરાતનું સરકારી શિક્ષણતંત્ર શિક્ષણ, શિક્ષકો, શિક્ષણ સંસ્થાઓના હાર્દને સમજવા પ્રયત્ન કરે. યથાયોગ્ય સહયોગ અને આર્થિક અનુદાનની રાશિ ઢીલી મૂકે. કોઈ તત્વજ્ઞાનીની એ વાતને ગંભીરતાપૂર્વક લેવાનો અવસર આવી ચડ્યો છે કે 'એક સારી નિશાળ ભવિષ્યની અનેક જેલોના નિર્મૂલનની ગુરૂચાવી છે.' ઇતિહાસ ટાપસી પૂરે છે કે કોઈ પણ સુશાસનની અસલી ખૂબી- ખાસિયત એના શિક્ષણ વિભાગના સાફલ્યમાં સમાયેલ છે. મન વારંવાર કહ્યા કરે છે કે નેક નિયત રાખી, શિક્ષણ જગતને સબળ બનાવવામાં જ વિશ્વગુરુના લક્ષ્યાંકે આસનસ્થ થઈ શકવાની એક માત્ર ચાવી આપણા જ હાથમાં છે.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૫ થી ચાલુ)**

અને છેલ્લે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે મહાત્મા માટે ઉદ્‌ગારેલા શબ્દો સૌએ યાદ રાખવા જેવા છેઃ

'હે પ્રભુ!
અમે તારા આભારી છીએ કે તેં
આવી મહાન ભેટ અમને આપી છે.'

---

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)**

એઆઈસીટીઈની મંજૂરી બાદ આ ૧૩ નવી કૉલેજોમાં પ્રવેશ ફાળવાશે. હવે આ કૉલેજોની સંખ્યા વધીને ૧૦૦ થઈ છે. આથી ૧૭૭૦ બેઠકો વધશે.

## ગુજરાત યુનિવર્સિટીની ૧૫ કોલેજમાં યુજી ઓનર્સમાં ઓનજોબ ટ્રેનિંગની મંજૂરી

નવી શિક્ષણ નીતિ અંતર્ગત યુજીસીની ગાઈડલાઈન મુજબ ગુજરાત યુનિવર્સિટીએ સંલગ્ન કોલેજો પાસેથી ચોથું વર્ષ - ઓનર્સ ભણાવવા માટે અરજીઓ મંગાવાઈ હતી. ૧૫ જેટલી કૉલેજોએ ઓનર્સમાં ઓન જોબ ટ્રેનિંગની મંજૂરી આપી છે. વિદ્યાર્થીઓને ૭મા અને ૮મા સેમેસ્ટરમાં ટ્રેનિંગના ૧૨ ક્રેડિટ ગુણ મળશે. ફાઈનલ પરિણામમાં ટ્રેનિંગ ધ્યાને લેવાશે.

**ટૂંકાવીને...**

- જૂનાગઢ જિલ્લામાં ૯૭૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભણતર છોડ્યું.
- અમદાવાદ જિલ્લામાં ૫૩ હજારથી વધારે બાળકોએ સ્કૂલ છોડી.
- ગુજરાત યુનિવર્સિટીની તમામ યુજી કોલેજોમાં ચોથા વર્ષમાં ઓનર્સ નહિ ભણાવાય.
- યુવા શક્તિ જ દેશના સુરક્ષિત અને ઉજ્જવળ ભવિષ્યનો આધાર - રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

# માતૃભાષા અંગે સ્પષ્ટ અને દઢ થઈએ

- મનસુખ સલ્લા

માતૃભાષા દિવસે વ્યાખ્યાન, પ્રદર્શન, રેલી, ઉજવણી વગેરે કરીએ છીએ તેનું પ્રતીકાત્મક મહત્ત્વ જરૂર છે. પરંતુ એટલું પૂરતું નથી. આજે અંગ્રેજી માધ્યમની ઘેલછા આત્યંતિક હદે વધી રહી છે અને માતૃભાષા ગુજરાતીની ઘોર ઉપેક્ષા થઈ રહી છે.

ઉપાય છે સ્પષ્ટ અને દઢ થઈએ. એ અંગે વિચારણા કરવા માટે સી.એન. વિદ્યાલય-અમદાવાદમાં તા. ૬/૩/૨૬ના રોજ તેના ટ્રસ્ટી કાર્તિકેય સારાભાઈની અધ્યક્ષતામાં કેળવણીકારો, આચાર્યો, શિક્ષકો અને ભાષા પ્રેમીઓની બેઠક મળી હતી. આ આવકાર્ય પગલું ગણાય.

એ સ્પષ્ટ છે કે આ અંગ્રેજીનો વિરોધ કરવાની બાબત નથી. અંગ્રેજીનું સ્થાન હશે જ. પરંતુ માતૃભાષા છોડીએ કે તેને ગૌણ સ્થાન આપીએ છીએ તેની બાળકના ચિત્ત ઉપર શી અસરો થાય છે તે અંગે દુનિયાભરમાં અધ્યયનો થયાં છે, થાય છે. તેનું સાદું તારણ એ છે કે ગ્રહણશીલતા, વિભાવનાઓની સ્પષ્ટતા અને માતૃભાષાનો મજબૂત પાયો રચાય એ માટે બાળક પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ ભણે એ સર્વથા યોગ્ય છે. પરંતુ આ મા-બાપોને ગળે ઉતરતું નથી. એટલે વાલીઓની સ્પષ્ટતા વધે, તેઓ સાચી વાત સમજે એના એકાધિક પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે.

ચર્ચા દરમિયાન એક સ્થિતિ ખૂબ ચિંતાજનક જણાઈ કે આજે ગુજરાતી અંગે શિક્ષકો અને શાળાઓમાં ખૂબ ઉપેક્ષા સેવવામાં આવે છે. ગુજરાતીના શિક્ષકો જ સજ્જ નથી હોતા. કોઈ પણ વિષયના કે વ્યાયામ શિક્ષકને પણ ગુજરાતી ભણાવવાનું સોંપાય છે. તંત્ર આ જાણતું તો હોય જ, પણ યોગ્ય પગલાં લેવાતાં નથી. એટલે એક સૂચન એવું થયું કે ગુજરાતીની ઇન-સર્વિસ ટ્રેનિંગનું કામ નિષ્ઠાવાળી અને માતૃભાષા પ્રેમી સંસ્થાઓને સોંપવું જોઈએ.

એ પણ સ્પષ્ટ થયું કે કોઈ એક બે સંસ્થા સક્રિય થાય એ પૂરતું નથી. આ માટે આ અંગે સમાન વિચારો ધરાવતી સંસ્થાઓ અને વ્યક્તિઓનું વ્યાપક સ્વરૂપનું સંગઠન ઊભું કરવું જરૂરી છે.

આજે અનેક શાળાઓમાં શિક્ષકો કે આચાર્યો માતૃભાષા ગુજરાતીના શિક્ષણ અંગે નાના-મોટા વૈવિધ્યપૂર્ણ પ્રયોગો કરતા હોય છે. પરંતુ તેની વિગતો તેમની શાળા પૂરતી રહે છે. તેને

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# ધોળિયો ઢાંઢો

- પ્રવીણ મકવાણા 'ગાફેલ'

લેખક મુકેશ સોજીત્રાની આ વાર્તા સંપાદિત કરી મૂકું છું. આ વાર્તા સ્લો લર્નર વિદ્યાર્થિની દિવ્યાની વાત શબ્દથી સીમા ઓળંગી હૃદય સુધી લઈ જાય છે. વાલી અરજણભાઈ અને સોનલબેનની વાત સાથે શિક્ષક મનીષભાઈનું કાર્ય સરસ છે. આપ સૌને ગમશે જ .

- પ્રવીણ 'ગાફેલ' )

'એ રામ રામ માસ્તર ભાઈ, હાલો ઓળા ખાવા' અરજણભાઈએ રસ્તા પર નીકળેલા મનીષભાઈ શિક્ષકને કહ્યું.

'અત્યારે નહિ ફરી ક્યારેક વાત. રજાના દિવસે ક્યારેક ગોઠવીશું. આમેય તમને મળવું તો છે જ!! અત્યારે મોડું થઇ જાય. અને દસ વાગ્યે પહોંચવું જરૂરી છે. આચાર્ય મીટીંગમાં ગયાં છે એટલે શાળાની તમામ જવાબદારી મારી ઉપર છે.' મનીષભાઈએ પોતાની બાઈક દોરતાં દોરતાં કહ્યું. આમ તો નિશાળ અને રહેઠાણ વચ્ચે છ જ કિલોમીટરનું અંતર હતું. પણ આ વખતે વર્ષારાણી જરા હટકે વરસ્યા હતા અને એને જ કારણે ખારી નદી બે કાંઠે જતી હતી અને વોંકળામાં મીઠાં ટોપરા જેવું પાણી પંદર દિવસથી વહેતું હતું. આની પહેલા ત્રણેક વખત આવેલ પૂરને કારણે વોંકળું એકાદ મીટર ઊંડું થઇ ગયું હતું અને નીચે હતી ગોરમટી એટલે બાઈક દોરીને જ દસેક મીટર જેટલો રસ્તો પસાર કરવો પડતો હતો. બાકી ચાલુ બાઈકે જો આ વોંકળું પસાર કરવા જાય અને બાઈક જો સ્લીપ થઈ તો કિલો હળદર ઓછી પડે! અને વોકળાને કાંઠે જ અરજણ સવાનું ખેતર હતું. લગભગ રોજ અરજણભાઈ માસ્તરને ભેગા થાય ત્યારે 'માસ્તર ભાઈ' તરીકે જ સંબોધન કરતાં હતાં. આમ ઓળખાણ તો નહોતી પણ અરજણભાઈની એકની એક છોકરી દિવ્યા મનીષભાઈ પાસે ભણતી હતી.

મનીષભાઈ આ ગામમાં બદલી થઈને આવ્યા એને એક વરસ પૂરું થવામાં હતું. સમયસર નિશાળે પહોંચવું એ એનો જીવનમંત્ર હતો. એક જ વરસમાં લગભગ ગામ આખામાં મનીષભાઈએ એક અલગ છાપ જમાવી દીધી હતી. દસના ટકોરે એ શાળામાં જ હોય અને નિશાળ પછી પણ લગભગ એ સાડા પાંચે નીકળતાં. ગામ લોકોએ મનીષભાઈ શિક્ષકનું નામ ટાઈમસ્ટાર પાડી દીધેલું. કારણ કે એ ટાઈમસર જ નિશાળે આવતાં.

જોકે આ ગામમાં એની બદલી સંજોગોને આધીન હતી. આની પહેલાની એક શાળામાં એ હતાં ત્યાં ઓવર સેટ અપ થયું. એક શિક્ષક વધ થતો હતો. આમ તો મનીષભાઈનો વારો

નહોતો આવતો. ઓવર સેટ અપમાં એક બહેનની બદલી થતી હતી. બહેનની બદલી કરાવવાની કોઈ ઈચ્છા નહોતી એટલે મનીષભાઈએ પોતે સ્વેચ્છાએ બદલીમાં જવા તૈયાર થયા અને આમેય એ શાળામાં એનો જીવ ગૂંગળાયા કરતો હતો. સાતના સ્ટાફમાં ત્રણ ફાંટા હતા!! નિશાળ છે કે રાજકારણનો અડ્ડો એ જ એને ખબર નહોતી પડતી. જેમ તેમ કરીને એણે બે વરસ કાઢ્યા અને પછી જેવી તક મળી કે તરત જ એ ઓપીના નિયમ હેઠળ આ નવી શાળામાં આવ્યા હતાં. નવી શાળા પેલી શાળા કરતાં સારી તો નહોતી પણ ઠીક હતી એમ કહી શકાય. નવી શાળા અને જૂની શાળામાં એક સમાનતા હતી કે બંને શાળામાં આચાર્ય એક શિક્ષિકા બેન કહે એટલું જ કામ કરતા હતા. આચાર્યને પાણી પીવું હોય તો પણ શિક્ષિકાબેનને પૂછતા!! જૂની શાળામાં અંકિતાબેન હતા અને આ નવી શાળામાં સોનલબેન હતા!!

ચોથું અને પાંચમું એ ભણાવતાં હતાં. પોતાના વર્ગ સિવાય એ બીજાના વર્ગનું પૃથક્કરણ ક્યારેય નહોતા કરતાં એટલે સ્ટાફમાં એને કોઈની સાથે વાંધો ક્યારેય પડતો જ નહિ. આમ તો શાળામાં હાજર થયા ત્યારે જ એને આચાર્ય કનકભાઈએ કહ્યું હતું.

'તમને ચોથું અને પાંચમું આપવામાં આવે છે. પેલા અને બીજામાં સોનલબેન અને એના પતિ મનજીભાઈ ભણાવે છે. ત્રીજું ધોરણ વરસોથી નોકરી કરતાં કનુભાઈ લે છે અને આ ધોરણ લગભગ બે વરસથી રખડે છે. હું વહીવટમાંથી ઊંચો નથી આવતો એટલે ચોથું અને પાંચમું બેય ધોરણ થોડાં નબળાં છે, એટલે તમારે ધ્યાન વધારે આપવું પડશે. આમ તો તમારા રીપોર્ટ અમને મળી જ ગયાં છે. તમને વર્ગ સિવાય કશામાં રસ નથી અને અમને એવા જ શિક્ષકની અપેક્ષા હતી. અહીં તમને તમારી રીતે કામ કરવાની છૂટ છે પણ લગભગ અહીં બધા સ્થાનિક શિક્ષકો છે. એટલે તમે જે રીતે કામ કરો એવું જ કામ બધાં કરે એવી અપેક્ષા ન રાખતા નહીતર સરયામ નિષ્ફળતા મળશે.' મનીષભાઈ એનો કહેવાનો ધ્વન્યાર્થ પૂરી રીતે સમજી ગયાં હતા કે સ્ટાફની સળી નહિ કરવાની પણ તોય એને અંતરમાં આનંદ હતો કે પોતે પોતાની રીતે કામ કરી શકશે. અને એણે એની રીતે કામ શરુ કરી દીધું. બાળકોમાં અને ગામમાં એ પ્રિય પણ થઈ ગયાં. પણ મનીષભાઈની એક ખાસિયત એ હતી કે શ્રેષ્ઠ કામ કરવા છતાં લોકો કે સ્ટાફ એની નોંધ લે એવી કોઈ ઘેલછા એને નહોતી. એટલે સ્ટાફવાળાને કોઈ અદેખાઈ પણ નહોતી. સમય સમયનું કામ કરતો ગયો અને મનીષભાઈ પોતાનું કામ કરતાં ગયાં.

ધોરણ ચોથામાં એક છોકરી હતી. શરીરે તંદુરસ્ત પણ સ્લો લર્નર હતી. ચાલે તો પણ ધીમે ધીમે. દફતરમાંથી ચોપડી કાઢે તો પણ ધીરે ધીરે. મુડ હોય તો લખે, નહિ તો એમ ને

એમ બેસી રહે, પણ કોઈ જ તોફાન નહિ. દર વીસ મિનીટે એને પાણી પીવા જોઈએ. પછી લગભગ દસેક મિનીટે એ ક્લાસમાં આવે. પાણી પીવાની જગ્યા મનીષભાઈના વર્ગની પાસે જ હતી તેમ છતાં દિવ્યા પાણી પીને બગીચામાં આંટા મારે!! વૃક્ષો જુએ!! અને કોઈ શિક્ષકની નજર પડે એટલે દિવ્યાને ખીજાય અને ડોળા કાઢે એટલે દિવ્યા વળી મનીષભાઈના ક્લાસમાં આવીને બેસી જાય!! પાંચેક દિવસ પછી મનીષભાઈને શાળાના એક શિક્ષકે દિવ્યા વિષે બધી જ માહિતી આપી. માહિતી આપનાર શિક્ષક હતા મનજીભાઈ!!

'જુઓ મનીષભાઈ! દિવ્યાને વધારે વતાવતા નહિ પણ ડારો રાખજો. એને સજા નહિ કરવાની પણ દબડાવવાની છૂટ છે. એકદમ મંદબુદ્ધિની છે. એને તમે સજા કરશોને તો એના માતા-પિતા બેય ઉપરાણું લઈને આવશે. આમ તો એની માતા ગીતાબેન અને પિતા અરજણભાઈએ છોકરીને બગાડી છે. નાનપણથી જ અરજણભાઈએ છોકરીને લાડ લડાવ્યા છે. અને સારું સારું ખવરાવ્યું છે એટલે એને ચાલુ ક્લાસે પણ ખાવાનું જોઈએ. નાની એક વરસની હતી ત્યારથી એના બાપા એને બાઈક પર ફેરવતાં. સાત વરસે પહેલા ધોરણમાં ભણવા બેસાડી છે. પહેલામાં એ મારી પાસે હતી. એની માતા તો નિશાળમાં બે કલાક રોકાતી ત્યારે એ નસીબદાર, નિશાળમાં ટકતી. બોલો આવી સાચવણ અમે અમારા દીકરાની નથી કરતાં. મારા સગા દીકરાને પણ હું સોટીએ સોટીએ ઝૂડી નાંખું છું. નાનપણથી બાળકને સરખાઈના સોરી નાંખોને તો જ આ વાંગડ વેજા સીધી હાલે બાકી આજની પ્રજા માસ્તરને વેચીને દાળિયા ખાઈ જાય એવી છે!!'

મનીષભાઈ આમ તો વિચાર કરતાં કે તોત્તોચાન અને ગિજુભાઈની બધેકાની દીવા સ્વપ્ન તો ભણવામાં આવતી પણ આ મનજીભાઈ એ શું નહીં ભણ્યા હોય ? માસ્તર જ્યારે છોકરાને ઢીબતો હોય ત્યારે એકદમ વહરો લાગતો હોય છે અને અહીં આ મનજીભાઈ અને સોનલબેન ધોરણ એક અને બેમાંથી ઢીબવાનું શરુ કરી દે એટલે છોકરું બીજું કાઈ શીખે કે ના શીખે પણ એ ધબ્બા ખાવાનું અને બીજાને ધબ્બા મારવાનું શીખી જતું હતું. ધીમે ધીમે એણે પોતાની રીતે કામ કરવાનું શરુ કરી દીધું.

સહુથી નબળાં બાળકોને એણે આગળ બેસાડ્યા અને એમાં પણ દિવ્યાને તો એણે પોતાની પાસે બેસાડી. દિવ્યાને બધી જ છૂટ આપી એને જ્યારે મન થાય ત્યારે એ પાણી પીવા જઈ શકતી હતી અને ચાલુ ક્લાસે પણ ભાગ ખાવો હોય તો પણ ખાઈ શકે. અત્યાર સુધીમાં મનીષભાઈ એટલું જ શીખ્યા હતા કે તમારા કે તમારા ક્લાસમાં દમ ન હોય તો જ છોકરાં ક્લાસમાંથી ભાગે. બાકી છોકરાંને ક્લાસમાંથી ઊઠવાનું પણ મન ન થાય. વળી

ક્લાસના બીજા છોકરાંને પણ એણે પ્રેમથી સમજાવ્યું.

'જો બેટા દિવ્યાને ઓછું આવડે છે એમાં એનો વાંક નથી. તમને વધુ આવડે છે એમાં તમારી કોઈ મહેનત નથી એમ હું માનું છું. તમારે ભગવાનનો આભાર માનવો જોઈએ કે ભગવાને આપણને તેજ દિમાગ આપ્યું છે. હા, તમારી મહેનતનો ફાળો ખરો પણ એ વીસ ટકા જ બાકી એંસી ટકા ભગવાને તમને જે મગજ આપ્યું છે એનો ફાળો છે. દિવ્યાને વિશેષ સગવડો આપી છે એ તેનું મગજ ઓછું કામ કરે છે એના માટે તમારે એનું કોઈ અનુકરણ કરવાનું નથી. આપણા જ કુટુંબમાં આવી કોઈ વ્યક્તિ હોય તો આપણે એને ઠેકડી ઉડાડીએ કે એને સહારો આપીએ?? બોલો જોઈએ?!'

પછી તો બે જ માસમાં ધોરણ ચાર અને પાંચના બાળકો એકદમ સ્વયં શિસ્તમાં આવી ગયાં. દિવ્યા પણ હવે લગભગ ક્લાસ બહાર ઓછી જતી. એને ઘર જેવું વાતાવરણ મળી ગયું અને એનામાં ધીમે ધીમે પરિવર્તન આવી ગયું. આ ફેરફાર શાળાના બીજા શિક્ષકોએ પણ જોયો. પણ હરામ છે કે કોઈ શિક્ષકે મનીષભાઈનો વાહો થાબડ્યો હોય તો વળી રિસેસના સમયમાં મનજીભાઈ દિવ્યાના બાપાની અને એના બાપાની વાતો કરે.

'અરજણભાઈ અને એનો બાપ સવો બે ય ગામના આગળ પડતાં ગણાય. ઘરે સાયબી છે પણ શું કામની?? અરજણને સંતાનમાં એક માત્ર આ છોડી અને એ પણ ગાંડા સાજા જેવી. છોકરો ગાંડો સાજો હોય તો વાંધો નહિ પણ આ તો છોડી એટલે આખી જિંદગી બળતરા. ભગવાનેય બાકી એમ ન્યાય કરી જાણે છે. ઓલ્યા ભવના કરમ બાકી બીજું શું!! આને પાપ નડી ગયાં કહેવાય!!' મનજીભાઈ બોલે પાછળ એની પત્ની સોનલ તરત જ બોલે.

આમ તો વાંક તો અરજણ અને ગીતાનો પણ એટલો જ છે. નહિતર એ પેલામાં દાખલ થઈને ત્યારે મેં જ ગીતાને કીધું હતું કે તારી છોડીને નિશાળે મૂકવા ન આવતી હું એને સીધી દોર કરી દઈશ. નો શું આવડે ? ખારું ખોરું ધાન સદે પણ માર ન સદે!! શરૂઆતમાં ટીપ્યા હોયને તો મંડે બધું આવડવા. આ કમાભાઈનો જેંતીયો પણ આવો જ હતો પણ કમાની વહુ જીણકીએ મને કહી જ દીધેલું કે સોનલબેન તમે આને સારીપટનો સોરી નાંખજો હું કે તમારા ભાઈ ફરિયાદ લઈને નહીં આવીએ અને એ છોકરો મારી પાસે ભણ્યો અને અત્યારે સાતમાં ધોરણમાં છે પણ એના મોઢામાં જીભ નથી. પેલામાં હતોને ત્યારે એવો તોફાની કે વાત નો પૂછો પછી એવો રિમાન્ડ પર લીધો કે ચડ્ડીમાં જ કળશ્યો થઈ ગયો. આવો લગભગ વીસેક વાર માર્યોને એટલે સાવ મુંગીનો થઈ ગયો આજની તારીખમાં પણ હું જે શેરીમાં નીકળું અને ઈ સામો મળે કે તરત જ અવળું ફરીને જાય બંબુડા બોલાવતો. માસ્તર તરીકે નોકરી

કરીએ અને ગામના છોકરા આપણને જોવે કે તરત જ મુતરી જવા જોઈએ તોજ નોકરી કરી કેવાય બાકી મફતનો પગાર ખાધો ગણાય!!

સોનલબેનની આવી વાત સાંભળીને મનીષભાઈ તો રીતસરના આભા જ બની ગયાં. જે વસ્તુ શિક્ષક દંપતી માટે ત્યાજ્ય છે એનો તો આ લોકો ગૌરવ લે છે એ નવાઈભર્યું હતું.

આઠેક મહિના પછી વળી અરજણભાઈ મળી ગયા અને આ વખતે એણે ભારપૂર્વક કહ્યું.

'માસ્તરભાઈ હવે ક્યારે જમવા આવવું છે ઘરે. એમ કરો કાલે શનિવાર છે એટલે બપોરે નિશાળ છૂટેને એટલે આપણી ઘરે બપોરા કરીને જ જવાનું છે. હા ના નથી કરવાની અને જો નથી આવ્યા તો સોમવારથી દિવ્યાને નિશાળે નહિ મોકલું. બોલો હવે શું કરવાનું છે?' અરજણભાઈની આવી તાણયમાં પણ અંતરનો આનંદ ભરપુર હતો અને આત્મીયતાથી ભરેલા શબ્દો આગળ મનીષભાઈ ઝુકી ગયા અને બીજા દિવસે શનિવારે એ બપોર પછી અરજણભાઈને ઘરે રોકાઈ ગયાં.

ઘર એકદમ જૂની તરાહનું પણ ભપકાદાર હતું. જાણે નાનકડી હવેલી જ જોઈ લ્યો. જાણે વેવાઈ આવ્યા હોય એમ મનીષભાઈનું સ્વાગત થયું. લીમડાના ઝાડ નીચે ખાટલા પાથરીને મનીષભાઈ અને અરજણભાઈ વાતો કરવા બેઠાં. દિવ્યા તો જાણે સાતમાં આસમાનમાં વિહરતી હતી અને આમેય પ્રાથમિક શાળાના શિક્ષક જ્યારે કોઈ વિદ્યાર્થીના ઘરે જાય ને ત્યારે એ વિદ્યાર્થીના પગ જમીન પર રહે જ નહિ. મારા સાબ્ય આવ્યા મારા સાબ્ય!! એની આંખમાં એ અહોભાવ જોવા મળે કે ન પૂછો વાત. થોડી વાત થઈ પછી જમ્યાં. જમીને વળી લીમડાની હેઠળ પાથરેલા ખાટલા પર એ બેઠાં. કામ પતાવીને ગીતાબેન પણ એક ખુરશી લઈને આવી ગયાં. દિવ્યા અંદરના રૂમમાં ટીવી જોતી હતી. ગીતાબેન આંખમાં આંસુ સાથે બોલ્યાં.

'સાબ્ય તમે આવ્યા પછી મારી દીકરીમાં ફેરફાર થયો છે. હવે એ સાવ શાંત થઈ ગઈ છે સાબ... પેલા તો લગભગ એની ચિંતા મારે હોય જ. પણ તમારી પાસે ભણવાનું થયું પછી એનામાં પરિવર્તન આવી ગયું છે. ભગવાન તમારું અભરે ભરશે સાબ્ય.' જોડેલા હાથ સાથે ગીતાબેન બોલતાં હતા.

'અરે એ તો અમારી ફરજ છે બહેન... અમને પગાર મળે છે ને અમે કરીએ છીએ. કોઈ જ ઉપકાર નથી કરતાં. હું તો નબળા બાળકોનું જ ધ્યાન વધારે રાખું છું. બાકીના બાળકોને તો ટકોર કરીએ ત્યાં શીખી જાય પણ આ બાળકોને વિશેષ ધ્યાન રાખવું પડે', મનીષભાઈ બોલ્યાં.

'એ વાત સાચી પણ આવી સમજદારી દરેક શિક્ષકમાં ન હોય. અમારી દીકરી છે, એને

નાનપણથી તકલીફ છે, એ અમે કોઈને પણ કીધું નથી. ખુદ અમારા કુટુંબમાં પણ નથી કીધું બોલો. દુઃખ કે તકલીફ જ્યાં સુધી સમજદાર ન મળે ત્યાં સુધી કહેવાય જ નહિ બોલો એવું છે. આ તો તમે દિવ્યાને સમજો છો એટલે કહું છું કે દિવ્યાનો જન્મ થયો ને ત્યારે જ આ પ્રોબ્લેમ હતો. એ આઠ મહિને જન્મી છે સાહેબ. ડૉક્ટરે કહેલું કે આ છોકરીને જરા પણ મનમાં ઓછું લાગશે તો એના પગ તણાવા લાગશે. એ જે કરે એમ જ કરવા દેજો. એને જરાય વિક્ષેપ ના પાડતા આવું લગભગ બાર વરસ સુધી રહેશે પછી આ દીકરી નોર્મલ થઈ જશે. એટલે જ નાનપણથી હું સાચવું છું. ગામ કે કુટુંબ વાતો કરે રાખે છે, ભલે કરતાં. અમે અમારી દીકરીનું દુઃખ ક્યાંય ગાયું નથી. એટલે જ એને સાત વરસ સુધી ભણવા નોતી બેસાડી.' સોનલબેન પાસે પહેલું ધોરણ હતું એને પણ આ ગીતા કહી આવી હતી કે મારી દીકરીને ન આવડે એમાં તમારો કોઈ જ વાંક નહિ. લાવો હું સ્ટેમ્પ પેપર પર સહી કરી દઉં. બધી જવાબદારી અમારી, પણ એને તમે એક આંગળી પણ ન અડાડતા. તે એ સોનલબેને આખા ગામમાં વાત ફેલાવી કે આ સાવ ગાંડી છે, મંદબુદ્ધિની છે અને એનું અમને ખોટું પણ નથી લાગ્યું, સોનલબેન છે જ એવી. એ તો એના ધણી મનજીભાઈને પણ ક્યારેક છૂટી સાણસી આંટી દે. પેલા અમારી બાજુમાં જ રહેતાં એટલે અમને ખબર. ઈ બહુ હાથની છુટ્ટી છે, હાથની છુટ્ટી જીભની છૂટી હોવાની જ!!' અરજણભાઈ બોલતાં હતા અને મનીષભાઈ સાંભળતા હતાં.

'એટલે જ અમે બીજા સંતાનનો વિચાર નથી કર્યો સાહેબ. બીજું સંતાન આવે અને દિવ્યા સાથે એની સરખામણી થઈ જાય, ભેદભાવ થઈ જાય તો? બાકી ગામમાં બધા ભલે વાતો કરે કે ભગવાને અમને છોકરો ન આપ્યો અને એક જ છોકરી એ પણ સાજી ગાંડી. બાકી અમને દીકરાની જરા પણ ખેવના નથી. સાબ્ય બસ આંગણે આવેલ આ અધૂરું ફૂલ પૂરું ખીલી જાય એ જ ભગવાન પાસે માંગું છું.' ગીતાબેનની વાત સાંભળીને મનીષભાઈ પણ વિચારમાં પડી ગયા કે આ કેટલો બધો ભવ્ય પુત્રી પ્રેમ!! પોતાનો વંશ અટકી જશે તો ચાલશે પણ ભગવાનના અંશ સમાન દીકરીને તકલીફ થાય એ આ દંપતીને મંજુર નથી. થોડીવાર પછી મનીષભાઈ બોલ્યાં.

'મારી એક વાત માનો આ બાળકો માટેની એક સ્પેશ્યલ સંસ્થા છે ત્યાં મૂકી દો. ત્યાં જીવની જેમ એની સાચવણ પણ થશે અને તાત્કાલિક સુધારો પણ થશે. તમે કહેતા હો તો આપણે એ સંસ્થાને જોઈ આવીએ.' અરજણભાઈ અને ગીતાબેન એકબીજાની સામું જોઈ રહ્યા. થોડી વાર પછી અરજણભાઈ ઊભા થયા અને મનીષભાઈનો હાથ પકડીને ઓશરીમાં લઈ ગયા અને કહ્યું.

'માસ્તરભાઈ આ દીવાલે ટાંગેલા ફોટાઓમાં છેલ્લો ફોટો જુઓ. મારા બાપુજી સાથે એ ધોળિયા ઢાંઢાનો ફોટો છે. મારા

બાપુજીને એ ઢાંઢો ખૂબ જ વ્હાલો. અત્યારે નથી એ ઢાંઢો કે નથી મારા બાપુજી. પણ એની એક વાત મારે તમને કહેવી છે.' ગળું ખંખેરીને અરજણભાઈએ વાત શરુ કરી.

'મારા બાપા સવા આતા આ પંથકમાં ગોઢલા અને ઢાંઢાના જાણકાર માણસ. એ વખતે આ ગામમાં વરસમાં બે વાર સંધિઓ બળદ વેચવા, વાછરડા વેચવા આવે. બળદ ને અમે ઢાંઢો કહીએ. જે ખેડૂતને બળદ લેવો હોય એ પારેખ કરવા મારા આતાને લઈ જતા. મારા આતા સારામાં સારા બળદ પસંદ કરી શકતા. એક વખતની વાત છે, જુસબ સંધિ લગભગ સીતેર જોડી બળદની લઈને વેચવા આવ્યો. હું મારા આતા સાથે નદીને કિનારે તાણેલા દંગાઓમાં બળદો જોવા ગયો. બધા બળદ જોતા હતાં અને અચાનક આ ફોટામાં છે એ બળદ મારા આતા પાસે આવ્યો અને પગ સુંઘવા લાગ્યો. મારા આતાએ એના માથા પર હાથ ફેરવ્યો અને બળદે માથું ઊંચું કર્યું અને એની આંખમાં આંસુ હતા. તરત જ જુસબને મારા આતાએ કીધું કે આ બળદ આપણે રાખ્યો બોલ આનું શું લેવું છે?? જુસબ તો નવાઈ પામી ગયો અને કહ્યું કે સવા આતા તમે ગાંડા થઈ ગયા છો આ બળદ પગે રાંટો છે એ દસ મિનિટ જ સીધો હાલશે બાકી પછી એના પગ કઈ બાજુ પડે એ નક્કી નહિ. આ ખેતીમાં મુદલ હાલે એવો નથી. બીજો લઈ લ્યો એ રહેવા દયો. તમે ભલાદમી જાણતલ માણસ થઈને આવું કહો છો એટલે મને લાગે છે કે મારી ઠેકડી ઉડાડી રહ્યા છો. પણ જવાબમાં મારા આતાએ કહ્યું મને બધી જ ખબર છે કે આ ખેતીકામમાં નહિ હાલે પણ આ ઢાંઢો મારી પાસે આવ્યો છે એટલે હવે આને હું લઈ જ જઈશ. અને જુસબ આ વાત સાંભળીને બોલ્યો કે સવા આતા તમને એ મફત આપ્યો જાવ. એના નીરણ પાણી હવે તમારી ગમાણમાં જ લખાણા હશે. અને મારા બાપા એ ઢાંઢો લાવ્યાં. બસ ઘરે બાંધ્યો ઈ બાંધ્યો. એક પણ વખત ખેતીકામમાં લઈ નથી ગયાં. એના પગ રાંટા હતાં ઈ ખબર હતી તોય પ્રેમથી મારા આતાએ એ ઢાંઢો આઠ વરહ પાલવ્યો બોલો.!! મારા આતા દેવ થયા અને એ જ રાતે આ ઢાંઢો પણ દેવ થઈ ગયો. આ ફોટો પણ મારા આતા દેવ થયા એના એક અઠવાડિયા પહેલા પડાવેલો. બોલો માસ્તર ભાઈ એક ઢાંઢામાં પણ જો ખોડ ખાંપણ હોઈને તો પણ અમે એનો જીવન ગુજારો કરી દઈએ અને આ તો અમારું સગું લોહી માસ્તરભાઈ એને વેગળી કરવાનો વિચાર અમારા સપનામાં પણ નો આવે અને જે દિવસે આવે ને એ દિવસે તો સવા આતાનું ખાનદાન લાજે માસ્તર સાહેબ ખાનદાન લાજે!'

અને મનીષભાઈએ અરજણભાઈનો વાહો થાબડ્યો અને બોલ્યાં.

'અત્યાર સુધીની નોકરીમાં આવા મા બાપ મેં નથી જોયા!! ધન્ય છે તમારી ખાનદાની અને સંસ્કારિતાને!!'

# શિક્ષિત થયા પણ 'સંસ્કારી' નહીં, જાણો ભારતીયોમાં સિવિક સેન્સના અભાવના કારણો શું હોઈ શકે?

**જાહેર સ્થળે સામાન્ય સિવિક સેન્સના સદંતર અભાવના પ્રકાર**

**ડિજિટલ ઘોંઘાટ :** બસ, ટ્રેન, પ્લેનમાં મુસાફરી કરતી વખતે અથવા જાહેર સ્થળોએ અનેક લોકો ફૂલ વોલ્યૂમમાં વીડિયો જોતા હોય છે, તો કેટલાક સ્પીકર પર મોટેથી વાતો કરતા હોય છે. આવું વર્તન ઓછું ભણેલા અને સામાન્ય વર્ગના લોકો જ કરે છે, એવું નથી. ઉચ્ચ અભ્યાસ કરનારા કે ધનિકો પણ આવું કરે છે. એરપોર્ટના વેઈટિંગ લાઉન્જમાં પણ આવા દૃશ્યો જોવા મળે છે. લખતા-વાંચતા કે ગણતરી કરવા આવડતું હોય એ 'સાક્ષર' કહેવાય, પરંતુ 'શિક્ષિત' નહીં. શિક્ષિત થોડો વ્યાપક શબ્દ છે, જેમાં શિસ્ત, સંસ્કાર અને સભ્યતા જેવા ગુણો સમાવિષ્ટ હોય છે.

**લાઈનમાં ઊભા રહેવામાં ઠાગાઠૈયાઃ** આપણા દેશમાં અનેક સ્થળે નાની-મોટી લાઈનો હોય છે. શાંતિથી લાઈનમાં ઊભા રહીને વારો આવે, તેની રાહ જોવાની લોકોમાં બિલકુલ ધીરજ નથી હોતી. અનેક લોકો લાઈન તોડીને વચ્ચે ઘૂસી જવાની પેરવી કરતા હોય છે, જેને સામાન્ય જીવનમાં શિસ્તતાનો અભાવ કે બેજવાબદારીને બદલે 'હોશિયાર માણસનું લક્ષણ' માનવામાં આવે છે.

આઘાતજનક વાત એ છે કે, કેટલાક તો ધક્કા મારીને આગળ નીકળી જવાની વૃત્તિ ધરાવતા હોય છે. આમ કરવામાં બીજાને તકલીફ થતી હોય એની પરવા નથી કરતા. ઘણાંને વળી એટલી સામાન્ય સમજ નથી હોતી કે આગળ-પાછળ ઊભેલી વ્યક્તિથી થોડું અંતર રાખીને લાઈનમાં ઊભા રહેવાનું હોય, કોઈ પણ પ્રકારનો શારીરિક સ્પર્શ ટાળવાનો હોય. આ જ કારણસર ધક્કામુક્કીના કારણે વિશ્વમાં સૌથી વધુ મોત ભારતમાં થાય છે.

**સ્વચ્છતા પ્રત્યે ઉદાસીનતાઃ** ઘરને કાચ જેવું રાખનારા લોકો જાહેર રસ્તા પર કચરો ફેંકતા કે થૂંકતા અચકાતા નથી.

**ઘરના ઉંબરાની બહાર બદલાઈ જતી માનસિકતાઃ** ભારત એક એવો દેશ છે જ્યાં 'અતિથિ દેવો ભવઃ'ની પરંપરા છે. આપણે કોઈના ઘરે જઈએ તો તમને સરસ આવકાર, આદર અને સ્નેહ મળે છે, પરંતુ જેવી વાત ઘરના ઉંબરાની બહાર એટલે કે 'જાહેર સ્થળો'ની આવે છે, ત્યારે આપણું ચિત્ત તદ્દન બદલાઈ જાય છે. રસ્તા હોય, રેલ્વે સ્ટેશન હોય કે એરપોર્ટ લાઉન્જ - ભારતીયો ગંદકી કરવામાં બે વાર વિચારતા નથી. ઐતિહાસિક ધરોહર જેવા સ્થળે પણ લોકો ગંદકી કરતાં અચકાતા નથી. દીવાલો પર જાતભાતના

લખાણ કરીને ગંદકી ફેલાવનારા 'કલાકારો'ની ભારતમાં કમી નથી. રેસ્ટોરન્ટમાં જમવા ગયા હોય તો ત્યાં પણ જાણે પૈસા આપીને જમવાના છે એટલે સ્ટાફને ખરીદી લીધા હોય એવું તોછડું વર્તન કરવામાં અને ટેબલની આજુબાજુ ગંદકી કરવામાં લોકો અચકાતા નથી.

**ભારતીયોના આવા વર્તન પાછળના કારણો**

શા માટે આપણે આવું વર્તન કરીએ છીએ? શું આપણને ખબર નથી કે આ ખોટું છે? આની પાછળ કેટલાક મનોવૈજ્ઞાનિક અને સામાજિક કારણો પણ જવાબદાર છે. જેમ કે..

**(૧) સંબંધિત દયા (Relational Kindness):** ભારતીયોની દયા અને વિવેક 'સંબંધ' પર આધારિત છે. ઘરે આવેલા મહેમાનની સગવડ સાચવવામાં આપણે કોઈ કમી નથી રાખતા, પરંતુ અજાણી વ્યક્તિ માટે આપણા મનમાં કોઈ સ્થાન નથી. અમેરિકન સમાજશાસ્ત્રી અને લેખક અર્વિંગ ગોફમેનના 'સિવિલ ઇનએટેન્શન'ના સિદ્ધાંત મુજબ, આધુનિક સમાજમાં અજાણી વ્યક્તિના અસ્તિત્વને માન આપી તેને ખલેલ ન પહોંચાડવી જોઈએ, પરંતુ આપણે અજાણી વ્યક્તિને 'બિન-વ્યક્તિ' માની તેની હાજરીની અવગણના કરીએ છીએ.

**(૨) બીજાથી ચઢિયાતા/શક્તિશાળી દેખાવાની માનસિકતા:** આપણા સમાજમાં 'મોટેથી બોલવું' અથવા 'નિયમો તોડવા' એ ઘણીવાર શક્તિનું પ્રદર્શન ગણાય છે, જે વ્યક્તિ લાઈનમાં ઊભી રહે છે તેને 'નબળો' અને જે વગ વાપરી આગળ નીકળી જાય તેને 'મજબૂત અને હોશિયાર' માનવામાં આવે છે. સ્પીકર પર વાત કરનાર વ્યક્તિ અજાણતા એવું દર્શાવે છે કે તે શ્રેષ્ઠ છે અને તેને બીજાની પરવા કરવાની જરૂર નથી.

**(૩) અછતની માનસિકતા (Scarcity Mindset):** ભારતમાં વસ્તી વધારે છે અને સંસાધનો ઓછા. આ સંજોગોમાં ભારતીયોમાં 'જો હું લાઈનમાં ઊભો રહીશ તો મારો નંબર નહીં આવે' એવી અસલામતી પેદા થાય છે. આ અસલામતી જ આપણને બીજાના અધિકારો છીનવી લેવા પ્રેરે છે.

**(૪) જાહેર મિલકત એટલે બિનવારસી:** આપણે જાહેર જગ્યાઓને 'આપણી' નથી માનતા પણ 'સરકારી' માનીએ છીએ. તેથી જે વસ્તુ પોતાની નથી તેની જાળવણી કરવાની જવાબદારી આપણને અનુભવાતી નથી. એ જગ્યાઓનું નિર્માણ અને જાળવણી આપણા ટેક્સના પૈસે થતી હોવાનું જાણતા હોવા છતાં આપણે ભારતીયો આવું વલણ ધરાવીએ છીએ.

**(૫) દંડનો અભાવ:** ભારતમાં જાહેર સ્થળોએ ગંદકી કરવી, એ કોઈ ગુનો ગણાતો ન હોવાથી લોકો બેજવાબદારીપૂર્વક વર્તે છે. ભારતીયો વિદેશ ફરવા જાય ત્યારે ત્યાં ગમે ત્યાં ગંદકી નથી કરતાં, કેમ કે તેમને ખબર હોય છે કે અહીં તો ગંદકી કરવા બદલ આકરો નાણાકીય દંડ ફટકારાય છે. આમ, ભારતીયોની સિવિક સેન્સ પણ 'સગવડિયા' કહેવાય એવી છે.

**(૯) આઝાદીનો આનંદ:** ઘણાં લોકો એવા પણ હોય છે કે એમના વ્યક્તિગત જીવનમાં કોઈ ને કોઈથી દબાયેલા રહેતા હોય છે. ઘર-પરિવારમાં મુક્ત મને વિચારો કે મત પ્રગટ કરવાની તક ન મળતી હોય એવા માણસો જાહેર સ્થળોએ મનસ્વી વર્તન કરતા હોય છે. સતત પારિવારિક-સામાજિક ભીંસ વચ્ચે જીવતા લોકો 'અહીં તો મને કોઈ દબાવી નહીં જ શકે', એમ વિચારીને આઝાદીનો આનંદ મનાવતા હોય એ રીતે બેફામ વર્તન કરતા હોય છે.

**પરિવર્તનની જરૂરિયાત**

સિવિક સેન્સ એ માત્ર શિક્ષણથી આવતો ગુણ નથી, પણ તે દેશપ્રેમ, સામાજિક જવાબદારી અને કલ્પનાશક્તિનો વિષય છે. આપણે એ કલ્પના કરવાની જરૂર છે કે સામેની વ્યક્તિ પણ આપણા જેવી જ છે અને તેને પણ શાંતિ કે સુવિધાનો એટલો જ અધિકાર છે જેટલો આપણને છે. આવી માનસિકતા પહેલાં આપણે કેળવીએ અને પછી એના બીજ નવી પેઢીમાં રોપીએ, એ ઇચ્છનીય છે.

**સિવિક સેન્સનો દુકાળ ખતમ કરવો જ રહ્યો**

મોંઘા કપડાં પહેરવાથી કે વિદેશ ફરવાથી સભ્યતા નથી આવતી. ખરી સભ્યતા તો ત્યારે દેખાય છે જ્યારે આપણે જાહેર સ્થળે અજાણી વ્યક્તિ માટે આપણી સગવડને થોડી જતી કરીએ છીએ. જ્યાં સુધી આપણે 'જાહેર જગ્યા' ને 'આપણી સહિયારી જગ્યા' નહીં માનીએ, ત્યાં સુધી સિવિક સેન્સનો આ દુકાળ ચાલુ રહેશે.

*- ગુજરાત સમાચારમાંથી સાભાર*

---

**(અનુસંધાન પૃષ્ઠ ૩૦ થી ચાલુ)**

બદલે માસ મીડિયાનો ઉપયોગ કરીને તેને વ્યાપક ભૂમિકા ઉપર મૂકવા જોઈએ, જેથી અન્ય શાળાઓ તેનો લાભ લઈ શકે.

ભાષા એ કેવળ વ્યવહાર નથી, ભાવતંત્રનું પોષણ પણ છે. જ્યાં ઉપેક્ષા હોય ત્યાં વિકૃતિ પ્રવેશે જ. (બંગાળી અને મરાઠી પ્રજાનો ભાષાપ્રેમ જાણવા જેવો છે.) આજે જરૂર છે ભાષાના તમામ એકમો ગદ્ય, પદ્ય, વ્યાકરણ, લેખન, વાંચન વગેરે અંગે સર્વાંગી વિચાર કરીને તેના ઉપાયો યોજવાની. કૃતિનો આસ્વાદ કેમ કરાવવો તેની તાલીમની પણ જરૂર છે. પ્રયત્નો કરવાથી જ વિદ્યાર્થીઓમાં ભાષાપ્રેમ જાગશે.

રાજ્ય સરકાર આજે તમામ નિર્ણયો પોતાના હસ્તક રાખે છે. આવા પ્રશ્નોને કેવળ વહીવટી રીતે વિચારે છે. એને બદલે શિક્ષણના દૃષ્ટિકોણથી વિચારતી થાય એ માટે શિક્ષણવિદો, સાહિત્યકારો, સંસ્થાઓ, ભાષાપ્રેમીઓ, આચાર્યો અને સમજદાર વાલીઓએ એકત્ર થઈને પોતાનો અભ્યાસપૂર્ણ અવાજ રજૂ કરવાની જરૂર છે.

સી. એન. વિદ્યાવિહારે વિચારણાનો પ્રારંભ કર્યો છે એ માટે ધન્યવાદને પાત્ર છે. હવે ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી સાહિત્ય અકાદમી, સાહિત્યની અને શિક્ષણની સંસ્થાઓ સાથે મળીને ઝુંબેશરૂપે આ અંગેનું કાર્ય કરે તેની તાતી જરૂરિયાત છે.

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે -ગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

## ગુજરાતમાં નવી ૯૮ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ થશે

ગુજરાત સરકારે રાજ્યમાં નવી ૯૮ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપી છે. આગામી નવા શૈક્ષણિક વર્ષથી રાજ્યમાં પ્રાથમિક શાળાના મકાનોમાં કે વૈકલ્પિક મકાનોમાં આ શાળાઓ શરૂ કરી દેવાશે. સરકાર દ્વારા બિનઆદિજાતિ વિસ્તારની ૮૫ સરકારી માધ્યમિક શાળાઓ, ૩ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા આદિજાતિ વિસ્તારની ૧૦ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા મંજૂરી અપાઈ છે. જેમાં અમદાવાદ જિલ્લામાં પણ ત્રણ નવી શાળા શરૂ થશે.

## ૨.૪ લાખ બાળકોએ શાળાએ જવાનું છોડી દીધું

નીતિ આયોગના રિપોર્ટ મુજબ ગુજરાતમાં ૨.૪ લાખ બાળકોએ શાળાએ જવાનું છોડી દીધું છે. રાજ્ય સરકારનું શિક્ષણનું બજેટ રૂપિયા ૬૨,૧૮૪ કરોડનું છે. છતાં રાજ્યની શાળાઓમાં ૪૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. ૨૦૨૫-૨૬ના આંકડાઓ મુજબ શાળાએ ન જતા અભણ બાળકોની સંખ્યામાં છેલ્લા એક જ વર્ષમાં ૩૪૧ ટકાનો ચોંકાવનારો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪માં, ૫૪,૫૪૧ બાળકો શાળાની બહાર હતા. જ્યારે વર્ષ ૨૦૨૫માં આ આંકડો ૨.૪ લાખે પહોંચ્યો છે.

## C.B.S.E. નું ધોરણ-૧૨નું ગુજરાતમાં ૯૦.૬૦ ટકા પરિણામ : ૨.૩૬ ટકા ઘટ્યું :

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર થયું. જેમાં ગુજરાતમાં ધોરણ-૧૨માં આર્ટસ્, કોમર્સ, સાયન્સ અને હ્યુમિનિટીઝમાં ઓવરઓલ પરિણામ ૯૦.૬૦ ટકા રહ્યું છે. જે ગયા વર્ષે ૯૨.૯૬ ટકા રહ્યું હતું. આમ ગુજરાતનું ધોરણ-૧૨નું પરિણામ ગયા વર્ષ કરતાં ૨.૩૬ ટકા ઘટ્યું છે. આ વર્ષે પણ ધોરણ-૧૨માં વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતાં વધારે છે. અમદાવાદની ટોપ શાળાઓનું પરિણામ સરેરાશ ૯૫ થી ૯૬ ટકાની આસપાસ રહ્યું છે. જ્યારે કેટલીક શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ રહ્યું છે. પરંતુ ગુજરાતમાં ખાનગી શાળાઓ કરતાં કેન્દ્રિય વિદ્યાલયોનું પરિણામ ૮.૭૦ ટકા વધારે છે.

### ધોરણ-૧૨નું એકંદર પરિણામ

| જાતિ | હાજર | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| છોકરા | ૨૦૨૮૨ | ૧૮૧૫૭ | ૮૯.૫૨ | ૯૧.૮૭ |
| છોકરી | ૧૫૬૫૭ | ૧૪૪૦૪ | ૯૨.૦૦ | ૯૪.૭૯ |
| કુલ | ૩૫૯૩૯ | ૩૨૫૬૧ | ૯૦.૬૦ | ૯૩.૯૬ |

### કેટેગરી વાઈસ પરિણામ (ગુજરાત)

| કેટેગરી | વિદ્યાર્થી | પાસ | ટકા |
|---|---|---|---|
| જનરલ | ૨૬૮૨૪ | ૨૪૫૮૩ | ૯૧.૬૫ |
| એસસી | ૧૭૩૧ | ૧૫૪૨ | ૮૯.૦૮ |
| એસટી | ૧૨૨૬ | ૯૮૧ | ૮૦.૦૨ |
| ઓબીસી | ૬૧૫૮ | ૫૪૫૫ | ૮૮.૫૮ |

### ગુજરાતનું શાળાઓ મુજબનું પરિણામ

| કેટેગરી | વિદ્યાર્થી | પાસ | ટકા |
|---|---|---|---|
| જનરલ | ૨૬૮૨૪ | ૨૪૫૮૩ | ૯૧.૬૫ |
| જેએનવી | ૧૬૦૪ | ૧૫૯૦ | ૯૯.૧૩ |
| કેન્દ્રીય | ૧૮૦૬ | ૧૭૯૦ | ૯૯.૧૧ |
| ખાનગી | ૩૧૮૩૨ | ૨૮૭૭૮ | ૯૦.૪૧ |
| સરકારી | ૨૯૬ | ૨૭૭ | ૯૩.૫૮ |
| મોડલ | ૧૬૯ | ૮૨ | ૪૮.૫૨ |

### JEE એડવાન્સ : અમદાવાદનો વિદ્યાર્થી ૨૨મા રેન્ક સાથે ગુજરાત સ્ટેટ ટોપર

દેશની વિવિધ આઈઆઈટીમાં પ્રવેશ માટે લેવાતી JEE એડવાન્સ પરીક્ષાનું પરિણામ જાહેર થયું. તેમાં અમદાવાદનો વિદ્યાર્થી ૨૨મા ઓલ ઈન્ડિયા રેન્ક સાથે દેશનો ટોપ ૫૦માં આવ્યો છે. અને ગુજરાત સ્ટેટ ટોપર બન્યો છે. જ્યારે સુરતનો વિદ્યાર્થી પણ ૪૩મા રેન્ક સાથે દેશના ટોપ ૫૦માં છે. અમદાવાદના ૨૦થી વધુ વિદ્યાર્થી દેશના ટોપ ૧૦૦માં આવ્યા છે. જ્યારે ગુજરાતના અંદાજે ૪૦થી વધુ વિદ્યાર્થી દેશના ટોપ ૧૦૦૦માં આવ્યા છે.

દિલ્હી ઝોનનો વિદ્યાર્થી (મૂળ બિહારનો) શુભમ કુમાર ૩૬૦માંથી ૩૩૦ માર્કસ સાથે ઓલ ઈન્ડિયામાં ટોપર રહ્યો છે. સમગ્ર દેશમાંથી ફિમેલ કેટેગરીમાં ૪૦૫૬૨માંથી ૧૦૧૦૭ પાસ થતાં છોકરીઓનું પરિણામ ૨૪.૯૧ ટકા અને મેલ કેટેગરીમાં ૧૩૯૧૩૧ વિદ્યાર્થીઓમાંથી ૪૬૭૭૩ પાસ થતાં છોકરાઓનું પરિણામ ૩૩.૬૧ ટકા રહ્યું છે.

અમદાવાદનો વિદ્યાર્થી આદિત્ય ઠાકુર ૩૦૩ ૨૨મા રેન્ક સાથે ગુજરાત સ્ટેટ ટોપર છે. જ્યારે સુરતનો વિદ્યાર્થી શૌર્ય ખેમકા ૨૮૯ માર્ક મેળવી ૪૩મા રેન્કની સાથે દેશના ટોપ ૫૦માં છે. આ સાથે અમદાવાદની સાન્વી પાટીદાર ૧૫૮મા રેન્ક સાથે ગુજરાત ફિમેલ ટોપર અને આઈઆઈટી મુંબઈ ઝોન ટોપર છે.

### BBA – BCA ની નવી ૨૩ કોલેજોને બેઠકો મંજૂર

AICTE દ્વારા MBA-MCAની જેમ BBA-BCA ને પણ ટેકનિકલ શિક્ષણમાં સમાવતા છેલ્લા બે વર્ષથી રાજ્યમાં જીટીયુ હેઠળ મોટી સંખ્યામાં નવી કોલેજો શરૂ થઈ છે. આ વર્ષે BBA-BCA શરૂ કરવા ૧૩ નવી સંસ્થાઓએ અરજી કરી હતી. જેમાં જીટીયુ દ્વારા એનઓસી આપવામાં આવી છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)


## અધિકાર

કોઈ પણ શિક્ષણસંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકાર મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણેય વસ્તુ વિશે ઇંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જ જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ.

— કાકા કાલેલકર

## ડો. રક્ષાબેન દવેના વિશિષ્ટ શૈલીના ચિત્રો







**ઘરશાળા**
**જુલાઈ-૨૦૨૬**

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૫/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૨૫/-

## વૃક્ષારોપણ

અહો ધરતી મૈયા! મુગ્ધ આવ્યાં તવ બાળ,
તારે ખોળે હુલાવજે અને ચિરકાળ,
જોને નાનેરાં નાજુક અહીં આવ્યાં તવ બાળ!
બીજ નાનાં સો ઝંખે છે જીવનનાં નૂર,
છોડ ઝંખે છે મીઠાં તવ હાલાંના સૂર,
રહે રેલાવી એ પર તવ હૈયાનાં પૂર,
અહો વ્હાલ તણાં પૂર!
સદા લેજે તું હેતભરી એની સંભાળ!
રહો સૂરજની હેત ભરી એ નિત આંખ,
રહો ખીલન્ત જેમ નભે બીજનો શશાંક,
રહો વાયુની લહરાતી ફૂંફભરી પાંખ,
સદા ફૂંફભરી પાંખ...
સદા લેજે તું હેતભરી એની સંભાળ!
ખીલી વનરાઈ સમી ભરજો એ વ્યોમ,
ફળે ફૂલે એ ભરજો અમ છલકતી ભોમ,
એની છાયામાં જીવનનું પ્રગટો શિવ જોમ,
અહો! પ્રગટો શુભ જોમ!
સદા લેજે તું હેતભરી એની સંભાળ!

— સ્નેહરશ્મિ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું